dailyhunt संजोग न्यूज़
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 164 | AD - 2026, Chaitra Sud -04 | Sunday, Dt. 22-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**બગદાદમાં ડ્રોન હુમલા અને લેબનોનમાં હિઝબુલ્લાહ સામે ઈઝરાયેલની સખ્ત કાર્યવાહી**

# ઈરાનના નતાન્ઝ સ્થિત પરમાણુ પ્લાન્ટ પર ઈઝરાયેલનો હુમલો

**મિસાઈલ હુમલા અને ડ્રોન યુધ્ધથી અખાતી દેશોમાં ફફડાટ**

તેહરાન, તા.૨૧

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે સીમાચિહ્નરૂપ વળાંક પર પહોંચ્યો છે. અમેરિકન એફ-૩૫ ફાઈટર જેટ તોડી પાડ્યાના ચોવીસ કલાકની અંદર જ ઈરાની સેનાએ વધુ એક ઈઝરાયેલી ફાઈટર જેટને તોડી પાડ્યું હોવાના અહેવાલ તેહરાન ટાઈમ્સ દ્વારા આપવામાં આવ્યા છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સીસ (IDF) એ સ્વીકાર્યું છે કે ઈરાની આકાશમાં ઓપરેશન દરમિયાન તેમના એક જેટ પર જળ સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ છોડવામાં આવી હતી. જોકે, ઈઝરાયેલે દાવો કર્યો છે કે પાઈલટની સતર્કતાને કારણે વિમાનને કોઈ મોટું નુકસાન થયું નથી અને મિશન યોજના મુજબ પૂર્ણ થયું છે. પરંતુ અહેવાલો સૂચવે છે કે ઈઝરાયેલી પાઈલટ હિટ થવાની અત્યંત નજીક હતો, જે ઈરાનની મજબૂત થતી જતી વાયુ સંરક્ષણ પ્રણાલીનો પુરાવો આપે છે. બીજી તરફ, અમેરિકા અને ઈઝરાયેલે સંયુક્ત રીતે ઈરાનના મુખ્ય યુરેનિયમ સંવર્ધન સ્થળ 'નાતાન્ઝ' પર બીજો મોટો હવાઈ હુમલો કર્યો છે. શનિવારે વહેલી સવારે થયેલા આ હુમલા બાદ વિસ્તારમાં ભયાનક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. ઈરાની રાજ્ય મીડિયા અને અલ જઝીરાના અહેવાલ મુજબ, આ વિસ્ફોટ અત્યંત શક્તિશાળી હતો, પરંતુ સદનસીબે પ્લાન્ટમાંથી કોઈ




કિરણોત્સર્ગી (રેડિયોએક્ટિવ) સામગ્રીનું લીકેજ થયું નથી. આસપાસના રહેવાસીઓ સુરક્ષિત હોવાનું જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ઈઝરાયેલ કોઈપણ સંજોગોમાં ઈરાનને પરમાણુ શક્તિ બનતા અટકાવવા માંગે છે, જેના ભાગરૂપે નાતાન્ઝમાં શાહિદ અહમદી રોશન સુવિધાને નિશાન બનાવવામાં આવી રહી છે. ઈરાનના પરમાણુ ઉર્જા સંગઠને આ હુમલાને 'ગુનાહિત કૃત્ય' ગણાવ્યું છે. ઈરાને આક્ષેપ કર્યો છે કે આ હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને પરમાણુ શસ્ત્રોના અપ્રસારની સંધિ (NPT) નું સીધું ઉલ્લંઘન છે. તેહરાનથી ૨૨૦ કિમી દૂર આવેલી આ સુવિધા અગાઉ જૂન મહિનામાં અને ૨૦૨૫ના ટૂંકા યુધ્ધ દરમિયાન પણ નિશાન બની હતી. યુધ્ધના ત્રણ અઠવાડિયા વીતી ગયા હોવા છતાં શાંતિના કોઈ સંકેત દેખાતા નથી. ઈઝરાયેલે જણાવ્યું છે કે ઈરાને શનિવારે સવારથી મિસાઈલ મારો ચાલુ રાખ્યો છે. આ સંઘર્ષ માત્ર ઈરાન અને ઈઝરાયેલ પૂરતો મર્યાદિત રહ્યો નથી. સાઉદી અરેબિયાએ અહેવાલ આપ્યો છે કે તેના પૂર્વીય પ્રદેશોમાં, જ્યાં મુખ્ય તેલ સ્થાપનો આવેલા છે, ત્યાં છેલ્લા કેટલાક કલાકોમાં ૨૦ જેટલા ડ્રોન તોડી પાડવામાં આવ્યા છે. ઈરાને આ હુમલા અંગે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA)ને સત્તાવાર જાણ કરી છે. હાલમાં સમગ્ર ક્ષેત્રમાં હાઈ એલર્ટ છે અને વૈશ્વિક શક્તિઓ આ યુધ્ધ વધુ ન વકરે તે માટે પ્રયાસો કરી રહી છે, પરંતુ જમીની હકીકત ગંભીર રાજકીય અને સુરક્ષા કટોકટી તરફ ઈશારો કરી રહી છે.

**અટલ ટનલ અને રોહતાંગમાં ૪ ફૂટ સુધી બરફની ચાદર**

# હિમાચલમાં કુદરતનો પ્રકોપ: ભારે હિમવર્ષા અને ભૂસ્ખલનથી મંડી-કુલ્લુ હાઈવે ઠપ્પ

શિમલા, તા.૨૧

હિમાચલ પ્રદેશમાં કુદરતી આફતનો સિલસિલો યથાવત છે. મનાલી, લાહૌલ અને સ્પીતિ સહિતના ઊંચાઈવાળા વિસ્તારોમાં સતત બરફવર્ષા થઈ રહી છે. અટલ ટનલ અને રોહતાંગ પાસ ૯૦ થી ૧૨૦ સેન્ટીમીટર બરફની ચાદરથી ઢંકાઈ ગયા છે. ભારે ભૂસ્ખલનને કારણે મંડી-કુલ્લુ અને ભુંતર-મણિકરણ રસ્તો બંધ થતા સેંકડો વાહનો ફસાયા છે



અને લાંબો ટ્રાફિક જામ સર્જાયો છે. મંડીમાં પહાડ તૂટી પડવાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેમાં મોટા પથ્થરો રસ્તા પર પડતા જોઈ શકાય છે. આ હિમવર્ષાની અસર પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં પણ જોવા મળી છે, જ્યાં સતત વરસાદને કારણે તાપમાન સામાન્ય કરતા

**૨૫ માર્ચ સુધી રાજ્યમાં યલો એલર્ટ જાહેર**

૧૦ ડિગ્રી નીચે ગગડ્યું છે. હવામાન વિભાગે આગામી ૨૫ માર્ચ સુધી ચંબા, કાંગડા, કુલ્લુ અને મંડીમાં વાવાઝોડા સાથે ભારે વરસાદની 'યલો વૉર્નિંગ' જારી કરી છે. પશ્ચિમી વિક્ષેપને કારણે આગામી દિવસોમાં ઠંડીનું જોર હજુ વધવાની શક્યતા છે.

# દેશભરમાં ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી : પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મુર્મુએ પાઠવી શુભેચ્છાઓ

નવી દિલ્હી, તા.૨૧

પવિત્ર રમઝાન માસના ૩૦ દિવસના ઉપવાસ અને ઈબાદત બાદ આકાશમાં ઈદનો ચાંદ દેખાતા જ દેશભરમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. મસ્જિદોમાંથી ચાંદ દેખાયાની જાહેરાત થતા જ લોકોએ ફટાકડા ફોડી અને એકબીજાને ગળે મળી 'ઈદ મુબારક' પાઠવી હતી. આ પવિત્ર પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા દ્વારા દેશવાસીઓને શુભેચ્છા



પાઠવતા જણાવ્યું હતું કે, આ તહેવાર પરસ્પર ભાઈચારો અને કરુણાની ભાવનાને વધુ મજબૂત બનાવે અને સૌ સ્વસ્થ રહે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ મુસ્લિમ સમુદાય સહિત તમામ નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે પોતાના સંદેશમાં જણાવ્યું કે ઈદનો તહેવાર આપણને આત્મસંયમ, સેવા અને જરૂરિયાતમંદોને મદદ કરવાનો માર્ગ બતાવે છે. આ સાથે જ વડાપ્રધાને પારસી સમુદાયના નવા વર્ષ 'નવરોઝ' નિમિત્તે પણ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કામના કરી હતી કે આગામી વર્ષ દરેકના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને ઉત્તમ સ્વાસ્થ્ય લઈને આવે. દેશભરમાં બંને તહેવારોની ઉજવણીથી એકતા અને સાંપ્રદાયિક સૌહાર્દનું વાતાવરણ જોવા મળ્યું હતું.

**રમઝાનના ૩૦ દિવસના ઉપવાસ બાદ ઈદનો ચાંદ દેખાતા ખુશીનો માહોલ**

**રાજદૂત અબ્દુલ નાસેર અલશાલીએ પત્ર લખી ખાતરી આપી, ૪૦ લાખ ભારતીયોના હિતો અને વેપાર અવિરત રહેશે**

# પશ્ચિમ એશિયામાં ભારતીયોની સલામતી અમારી પ્રાથમિકતા : યુએઈ

નવી દિલ્હી, તા.૨૧

પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ વચ્ચે ભારતમાં યુએઈના રાજદૂત અબ્દુલ નાસેર અલશાલીએ એક વિશેષ પત્ર દ્વારા ભારત સાથેના અતૂટ સંબંધોનો સંદેશ આપ્યો છે. તેમણે ખાતરી આપી છે કે ઈરાન દ્વારા કરાયેલા ડ્રોન અને



મિસાઈલ હુમલાઓ છતાં યુએઈની સંરક્ષણ પ્રણાલી મજબૂત છે અને દેશમાં સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે. યુએઈમાં વસતા ૪૦ લાખથી વધુ ભારતીયો સુરક્ષિત છે અને ત્યાં વીજળી, પાણી, સંદેશાવ્યવહાર જેવી તમામ આવશ્યક સેવાઓ તેમજ બેંકિંગ અને પર્યટન સ્થળો સામાન્ય રીતે કાર્યરત છે. રાજદૂતે વધુમાં જણાવ્યું કે ભારત અને યુએઈ વચ્ચેનો ૧૦૦ બિલિયન ડોલરનો વેપાર અને સપ્લાય ચેઈન અવિરત ચાલુ રહેશે. વડાપ્રધાન મોદીએ પણ યુએઈના રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરી સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. યુએઈ સરકારે ભારતીયોને દેશનો અભિન્ન ભાગ ગણાવી આર્થિક ભાગીદારી વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ દોહરાવ્યો છે.





## વેરહાઉસના મેનેજરના આપઘાત કેસમાં નામ ઉછળતા પંજાબના મંત્રીનું રાજીનામુ

અમૃતસર, તા.૨૧

અમૃતસરમાં વેરહાઉસ કોર્પોરેશનના મેનેજર ગગનદીપ સિંહ રંધાવાએ આત્મહત્યા કરતા પંજાબના રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે. મૃત્યુ પહેલા બનાવેલા વીડિયોમાં તેમણે પરિવહન મંત્રી લાલજીત ભુલ્લર પર માનસિક હેરાનગતિના આક્ષેપો કર્યા હતા. આ ઘટના બાદ મુખ્યમંત્રી ભગવંત માને નૈતિકતાના ધોરણે ભુલ્લરનું રાજીનામું સ્વીકારી તપાસના આદેશ આપ્યા છે. બીજી તરફ, કોંગ્રેસ નેતા સુખપાલ ખૈરા અને અકાલી દળે મંત્રી સામે ફોજદારી ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે. હાલ પોલીસ તમામ પાસાઓની તપાસ કરી રહી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

રવિવાર, તા.૨૨-૦૩-૨૦૨૬

ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

# અમરેલીના સોનારીયા ગામથી કથીવદરને જોડતા સીસી રોડની જાહેરાત

**અમરેલી તાલુકાના ૭૧ ગામોમાં હયાત તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરાશે**

અમરેલી,તા.૨૧

અમરેલીના સોનારીયા ગામે રાજ્યના ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયાના વરદ હસ્તે વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોનારીયા અને કથીવદર ગામને જોડતા ૩૦૦ મીટર લંબાઈના સુવિધાપથ સીસી રોડનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળ નિર્મિત થનારો આ મજબૂત રોડ ગ્રામ્ય સ્તરે વાહનવ્યવહારને વધુ





સરળ અને સુલભ બનાવશે જેનાથી સ્થાનિક નાગરિકોની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે. રાજ્ય સરકારના “હરિયાળા અને રળિયામણાં ગામડાં”ના સંકલ્પને સાકાર કરવાના ભાગરૂપે સોનારીયા મુકામે અંદાજે પાંચ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત થનારા કોમ્યુનિટી હોલનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું.

આ હોલ તૈયાર થવાથી ગ્રામજનોને સામાજિક પ્રસંગો અને જાહેર કાર્યક્રમો માટે એક ઉત્તમ સ્થળ પ્રાપ્ત થશે. વિકાસકાર્યોની વિગતો આપતા મંત્રીએ જણાવ્યું કે માત્ર માળખાગત સુવિધાઓ જ નહીં પરંતુ પર્યાવરણ અને જળ સંરક્ષણ ક્ષેત્રે પણ સરકાર કાર્યરત છે. કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫ ગામોમાં જળસંચય અભિયાન શરૂ કર્યા બાદ હવે અમરેલી તાલુકાના ૭૧ ગામોમાં હયાત તળાવો ઊંડા ઉતારવાની કામગીરી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

# અમરેલી જિલ્લા જેલ ખાતે રમઝાન ઈદની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા જેલ ખાતે રમઝાન ઈદના પવિત્ર તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ખાસ પ્રસંગે જેલ પ્રશાસન દ્વારા મુસ્લિમ બંદીવાનો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે સ્થાનિક સંસ્થામાંથી ખાસ મોલાનાને



આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે જેલના તમામ મુસ્લિમ બંદીવાનોને ઈદની સામૂહિક નમાજ પઢાવી હતી. નમાજ બાદ મોલાનાએ રમઝાન ઈદના આધ્યાત્મિક મહત્વ અને માનવતાના મૂલ્યો વિશે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન જેલના વાતાવરણમાં અનેરો ઉત્સાહ અને ભાઈચારો જોવા મળ્યો હતો. તમામ બંદીવાનોએ પરસ્પર ઈદની મુબારકબાદી પાઠવી હતી. જેલ સત્તાધીશોના આ સકારાત્મક અભિગમને કારણે બંદીવાનોમાં ભારે ખુશી જોવા મળી હતી.

# રાજુલાના માંડળ ગામના પ્રૌઢને અજાણ્યાની બાઈકમાં બેસવાનું ભારે પડ્યું

**ખમીસમાં પહેરેલા ૨.૫૦ લાખના સોનાના બટન કઢાવી ફરાર**

રાજુલા, તા.૨૧

રાજુલાના માંડળ ગામે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક યુવકે પ્રૌઢને અજાણ્યાની બાઈકમાં બેસવાનું ભારે પડ્યું હતું. આરોપીઓ તેમણે ખમીસમાં પહેરેલા ૨.૫૦ લાખના સોનાના ત્રણ બટન કઢાવી તેમને ઉતારીને ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે દુલાભાઈ ભગવાનભાઈ નકુમ (ઉવ.૮૨) એ બે અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. બે દિવસ પહેલા આરોપીઓએ તેમને મોટર સાયકલમાં બેસાડીને તેમના ઘર પાસે ઉતારવાની વાત કરી હતી. જે બાદ તેના ઘર પાસે નહી ઉતારી થોડે દુર ઉતારી તેમને માર મારવાની ધમકી આપી ડરાવી ધમકાવીને ખમીસમાં પહેરેલા સોનાના ત્રણ બટન કઢાવી લીધા હતા. બે તોલાના આ ત્રણ સોનાના બટનની કિંમત રૂ.૨,૫૦,૦૦૦ હતી. જે બાદ આરોપીઓ મોટર સાયકલ લઈને નાસી છૂટ્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી એસ પલાસ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં ૪ નવી એસ.ટી. બસોને લીલી ઝંડી આપતા ધારાસભ્ય મહેશ કસવાળા

સાવરકુંડલા, તા.૨૧

રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા એસ.ટી. ડેપોને લાંબા રૂટ માટે ૪ નવી અત્યાધુનિક બસોની ફાળવણી કરવામાં આવી છે. આ નવી બસોનું આગમન થતા ડેપો પ્રાંગણમાં હર્ષોલ્લાસ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ વિશેષ ઉપસ્થિત રહી શાસ્ત્રોક્ત વિધિ બાદ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ સુવિધાથી મુસાફરોને



વધુ આરામદાયક અને સુરક્ષિત મુસાફરીનો લાભ મળશે. એસ.ટી. તંત્રના અધિકારીઓ અને આગેવાનોની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમથી સ્થાનિકોમાં ખુશીની લહેર જોવા મળી હતી. આગામી સમયમાં આ બસો નિયત રૂટ પર દોડતી થશે.

# બાબરા શહેરના કલોરાણા ગામેથી યુવતી લાપતા બની

બાબરા, તા.૨૧

અમરેલી જિલ્લામાં યુવતીઓના લાપતા બનવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. જેમાં બાબરાના કલોરાણા ગામેથી એક યુવતી લાપતા બની હતી. આ અંગે છનાભાઈ હકુભાઈ રાજપરા (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની દિકરી શ્રધ્ધાબેન (ઉ.વ.૧૯) તેમના રહેણાંક મકાનેથી કોઈને કાંઈ કહ્યા વગર કયાંક જતા રહી હતી. શોધખોળ કરવા છતાં પણ કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભાવિકભાઈ લાલજીભાઈ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

**ભાળ ન મળતા પિતાએ પોલીસમાં કરી જાણ**

# અમરેલીમાં મુખ્યમંત્રીના આગમનને લઈ ૩૪ એસ.ટી.બસની ફાળવણી

**જનમેદની એકત્ર કરવા માટે અમરેલી એસ.ટી.વિભાગ સજ્જ**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં આજે રાજ્યના મુખ્યમંત્રીના આગમનને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ભવ્ય કાર્યક્રમમાં જનમેદનીને એકત્ર કરવા અને લોકોને સભાસ્થળ સુધી પહોંચાડવા માટે અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. વિભાગ દ્વારા કુલ ૩૪ જેટલી બસોની ફાળવણી કરવામાં આવી છે, જેમાં અમરેલી ડેપોમાંથી ૯, સાવરકુંડલા,ધારી અને બગસરામાંથી ૭ અને રાજુલામાંથી ૪ બસની ફાળવણી કરવામાં આવી છે. સામાન્ય રીતે એસ.ટી. બસો મુસાફરોની સુવિધા માટે હોય છે, પરંતુ જ્યારે મોટા સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે તંત્ર દ્વારા આ રીતે બસોને ફાળવવામાં આવતી હોય છે. આ નિર્ણયને કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો કાર્યક્રમમાં જોડાઈ શકશે. જોકે, આ વ્યવસ્થાને કારણે નિયમિત મુસાફરોને થોડી અગવડતા પડી શકે તેવી શક્યતા પણ સેવાઈ રહી છે.

# રાજુલામાં સિંધી સમાજ દ્વારા ચેટી ચાંદની ભવ્ય ઉજવણી

રાજુલા,તા.૨૧

રાજુલા શહેરમાં સિન્ધી સમાજ દ્વારા ઈષ્ટદેવ ભગવાન ઝુલેલાલના ૧૦૭૬મા જન્મોત્સવ એટલે કે ‘ચેટી ચાંદ’ની અત્યંત હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે સમગ્ર સમાજે પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને અભૂતપૂર્વ એકતાના દર્શન કરાવ્યા હતા, જેના કારણે શહેરમાં દિવાળી જેવો ભવ્ય માહોલ સર્જાયો



તસવીર : ગોપાલ રાઠોડ

હતો. નવનિર્મિત ઝુલેલાલ મંદિરથી નીકળેલી ભવ્ય શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો જેવા કે ભેરાઈ રોડ, ટાવર ચોક અને પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરીને ખોડિયાર મંદિર ખાતે સંપન્ન થઈ હતી.આ ઉત્સવ દરમિયાન ઢોલ-નગારા અને શરણાઈના સૂર સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પોલીસ સ્ટેશન ચોક પાસે બહેનોએ પરંપરાગત રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી, જ્યારે સેવાભાવીઓ દ્વારા ઠંડી લચ્છીનું વિતરણ કરવામાં આવ્યું હતું. દિવસ દરમિયાન મંદિરે ધ્વજારોહણ, જ્યોત પ્રાગટ્ય, બહેરાણા સાહેબ અને સમૂહ જનેઉ જેવા અનેક ધાર્મિક વિધિઓ યોજાયા હતા.

# જે.વી.કાકડીયાના હસ્તે બગસરાના પીઠડીયા ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું

બગસરા,તા.૨૧

બગસરા તાલુકાના પીઠડીયા ગામે ગ્રામીણ જનતાના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતા અંદાજિત ૩૬ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું ગરિમાપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી. કાકડીયા વિશેષ ઉપસ્થિત રહ્યા



તસવીર : મયુર પંડ્યા

હતા. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહીડા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર અને મહામંત્રી પ્રકાશભાઈ પરમાર સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા અને વાઈસ ચેરમેન ઘનશ્યામભાઈ હીરપરા તેમજ સ્થાનિક સરપંચ અને ગ્રામજનોએ આ વિકાસકાર્યને હર્ષભેર વધાવ્યું હતું.









# સાવરકુંડલામાં આજે મુખ્યમંત્રીના હસ્તે બાગાયત એક્સેલન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા, તા.૨૧



સાવરકુંડલા તાલુકાના ઝીંઝુડા ગામે કૃષિ ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે "કૃષિ બાગાયત એક્સેલન્સ સેન્ટર"નું આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવશે. અંદાજે ૧૦૦ વીઘા જમીનમાં રૂ.૧૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારું આ સેન્ટર ધારાસભ્ય મહેશ કસવાળાના દૂરંદેશી વિઝનનું પરિણામ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બાગાયતી પાકો માટે નવા પ્રયોગો, ઉચ્ચ ગુણવત્તાના બીજ અને ધરુ (સીડલિંગ) પર સંશોધન કરવામાં આવશે. આ કેન્દ્રમાં ખેડૂતોને આધુનિક ખેતીની તકનીકો અપનાવવા માટે વિશેષ તાલીમ આપવામાં આવશે, જે નાથી તેમની ઉત્પાદકતા અને આવકમાં નોંધપાત્ર વધારો થશે. ખાતમુહૂર્ત પૂર્વે સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય મહેશ કસવાળાએ અધિકારીઓની ટીમ સાથે સ્થળ મુલાકાત કરી કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટ સાવરકુંડલા વિસ્તારના ખેડૂતો માટે આધુનિક ખેતી તરફનું એક મજબૂત અને ઐતિહાસિક પગલું સાબિત થશે.

**ધારાસભ્યએ પોતે જ ડ્રાઈવીંગ સીટ પર બેસી બસ ચલાવી**

# રાજુલા ડેપોને ૪ નવી બસ મળતા હીરા સોલંકીએ લીલી ઝંડી આપી

રાજુલા,તા.૨૧



તસવીર : ગોપાલ રાઠોડ

ગુજરાત રાજ્ય સરકાર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા જૂની બસોના સ્થાને નવી સુવિધાયુક્ત બસો આપવાના અભિગમ હેઠળ રાજુલા એસ.ટી. ડેપોને ચાર નવી બસો ફાળવવામાં આવી છે. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય હીરા સોલંકીએ બસોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જોકે, સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર ત્યારે બન્યું જ્યારે ધારાસભ્ય પોતે જ ડ્રાઈવરની સીટ પર બેસી ગયા હતા. તેમણે નગરપાલિકા પ્રમુખ, વેપારીઓ અને કાર્યકરોને બસમાં બેસાડીને ડેપોથી બાયપાસ રોડ સુધી અંદાજે એક કિલોમીટર સુધી બસ ચલાવી હતી. આ ઉત્સાહભર્યા કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી ચેતનભાઈ શિયાળ, જીગ્નેશભાઈ પટેલ અને મયુરભાઈ દવે સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોટા આંકડીયા ગામેથી ૩ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૧

અમરેલીના મોટા આંકડીયા ગામેથી પોલીસે ૩ લીટર દેશી દારૂ જપ્ત કર્યો હતો. આ સિવાય જિલ્લામાં અમરેલી શહેરમાંથી બે, લીલીયા, ધારી, બાબરા, રાજુલામાંથી એક-એક મળી કુલ ૬ ઈસમો પાસ પરમીટ વગર ખેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# જિલ્લામાંથી સાત શરાબી ઝડપાયા

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે સાત શરાબીને ઝડપી પાડ્યા હતા. અમરેલી, બાબરા, દામનગર, રાજુલા, વાંડળીયા, મોટા આંકડીયા, વંડા ગામેથી શરાબીઓ ઝડપાયા હતા. ખાંભાના નાના બારમણ ગામેથી ચોત્રા જુની પાટી વિસ્તારમાં રહેતો યુવક બે લીટર દેશી દારૂ સાથે પકડાયો હતો.

# બર્બટાણા ગામે સેવાસેતુ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ ગ્રામજનોએ લીધો સરકારી યોજનાઓનો લાભ

બર્બટાણા,તા.૨૧



તસવીર : ગોપાલ રાઠોડ

બર્બટાણા ગામે સેવાસેતુ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બર્બટાણા ઉપરાંત વાવેરા, દીપાડીયા, ચારોડીયા, ભાક્ષી, મોટી ખેરાળી, નાની ખેરાળી, ખારી, મેરિયાણા, બાબરીયાધાર, અમૂલી, વડલી, કુંડલીયાળા, ઝાંઝરડા, નાના રીંગણીયા તથા નવી-જૂની માંડરડી ગામના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિવિધ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો. આ અવસરે અંદાજે ૧૦૦૦થી વધુ લોકોએ સેવાસેતુનો લાભ મેળવ્યો હતો, જે વહીવટી તંત્ર માટે ગૌરવની બાબત રહી હતી. સ્થાનિક સ્તરે ભાક્ષી ગામના સરપંચ મંગળુભાઈ, દીપડિયાના સરપંચ તથા આજુબાજુના આગેવાનોએ હાજરી આપી હતી. કાર્યક્રમની સફળતા માટે સરપંચ કામળીયા, મનસુખભાઈ વોરા, ભુપતભાઈ લાડુમોર, અશોકભાઈ વેલારી, કનુભાઈ ભુકણ, ભાણકુભાઈ, મનસુખભાઈ વેલારી, કાળુભાઈ, બાબભાઈ વોરા, ડૉ. ક્લસરિયા, ઘનશ્યામ દેવાણી, રમેશ સાવલિયા, જેન્તીભાઈ, જેઠાભાઈ અને જીતુભાઈ સહિત શાળાના સ્ટાફે નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં જાહેરનામાનો ભંગ કરનાર વાહન લે-વેચના વેપારી સામે પોલીસ કાર્યવાહી

**ઝરખીયા ગામના વેપારીએ વાહન લે-વેચનું રજિસ્ટર ન નિભાવતા જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશનું ઉલ્લંઘન બદલ ગુનો નોંધાયો**

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાના ઉલ્લંઘન બદલ પોલીસે એક શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કિસ્સામાં જૂના વાહનોની લે-વેચ કરતા વેપારીએ નિયમ મુજબના રજિસ્ટર ન નિભાવીને કાયદાનો ભંગ કર્યો હોવાનું સામે આવ્યું છે.

ઝરખીયા ગામના અને જૂના વાહનોની લે-વેચ કરતા નિલેશભાઈ ધીરૂભાઈ માંગરોળીયા (ઉ.વ.૪૦) સામે દરેક વાહનની લે-વેચની વિગતો, ગ્રાહકની ઓળખ અને વાહનના દસ્તાવેજોની નોંધણીનું રજિસ્ટર બરાબર રીતે નિભાવવામાં આવતું ન હોવા બદલ કાર્યવાહી કરવામાં આવી હતી.

**અમરેલી એલસીબીએ સાવરકુંડલા સહિત વિવિધ રાજયમાં**

# છેતરપીંડી આચરતા ગેંગના ત્રણ ગૂનેગારોને ઝડપી પાડ્યા

અમરેલી,તા.૨૧



અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય સ્તરે છેતરપિંડી આચરતી ગેંગના ત્રણ રીઢા ગુનેગારોને દબોચી લીધા છે. આ ટોળકી ગ્રાહકોને ફર્નિચર અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ પર ૧૦% થી ૪૫% સુધીના માતબર ડિસ્કાઉન્ટની લોભામણી જાહેરાતો આપી શિકાર બનાવતી હતી. વર્ષ ૨૦૨૩ માં સાવરકુંડલા ખાતે 'ગોલ્ડસ્ટાર હોમનીડ્સ ઓર્ડર સપ્લાયર્સ' નામનો શોરૂમ ખોલી ગ્રાહકો પાસેથી એડવાન્સમાં લાખો રૂપિયા ઉઘરાવી આરોપીઓ રાતોરાત શોરૂમ બંધ કરીને ફરાર થઈ ગયા હતા. ઈમરાનભાઈ ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી જેમાં આશરે રૂ.૩,૧૪,૧૩૦/- ની ઠગાઈ થઈ હોવાનું સામે આવ્યું હતું. એસપી સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ એ.ડી. ચાવડા અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સની મદદથી એમ. ગણેશન મુથૈયા, રાજેન્દ્રન થંગાવેલ અને મેરીઅપ્પન નાડેસન નામના ત્રણ શખ્સોને પકડી પાડ્યા છે જેઓ મૂળ તમિલનાડુના વતની છે. પકડાયેલા આરોપીઓ ગુજરાત ઉપરાંત ઝારખંડ, ઓડિશા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં પણ વોન્ટેડ હતા. ખાસ કરીને રાજેન્દ્રન સામે ત્રણ અલગ-અલગ રાજ્યોમાં ગુનાઓ નોંધાયેલા છે. હાલ આ ત્રણેય આરોપીઓને વધુ તપાસ અર્થે સાવરકુંડલા ટાઉન પોલીસને સોંપવામાં આવ્યા છે અને તેમની પાસેથી વધુ ચોંકાવનારી વિગતો બહાર આવવાની શક્યતા છે.

# સા.કુંડલામાં પક્ષીઓની તરસ છીપાવવા વિનામૂલ્યે કૂંડા વિતરણ કરાયા

સાવરકુંડલા,,તા.૨૧




સાવરકુંડલામાં ઉનાળાની આકરી ગરમીની શરૂઆત થતા જ અબોલ પક્ષીઓની વહારે 'ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન' સંચાલિત 'પ્રભુના પ્રસાદ' સંસ્થા આવી છે. પક્ષીઓને તરસ છિપાવવા માટે ભટકવું ન પડે તે હેતુથી સંસ્થા દ્વારા વિનામૂલ્યે કુંડા વિતરણની પ્રશંસનીય સેવા શરૂ કરાઈ છે. આ અભિયાનની સૌથી મોટી વિશેષતા એ છે કે નાગરિકોએ કુંડા લેવા ક્યાંય જવું પડતું નથી, પરંતુ માત્ર એક ફોન કરવાથી સ્વયંસેવકો ઘરે આવીને કુંડા પહોંચાડે છે. અરવિંદભાઈ મેવાડા અને તેમની ટીમ દ્વારા નિઃસ્વાર્થ ભાવે ચાલતી આ પ્રવૃત્તિને શહેરના જાગૃત નાગરિકોએ પણ સંસ્થાની આ સેવાકિય કાર્યની સરાહના કરી અભિનંદન પાઠવ્યા હતા.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# સા.કુંડલામાં સાળા-બનેવીને અજાણ્યા શખ્સોએ ફોન કરી ગાળો આપી

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં હીરાના વ્યવસાય સાથે જોડાયેલા એક વ્યક્તિ અને તેમના સાળાને અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન કરી ગાળાગાળી કરવામાં આવી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ હતી. નિલેશભાઈ વિઠ્ઠલભાઈ ચૌહાણ (ઉ.વ.૩૪) એ અજાણ્યા મોબાઈલ ધારકો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ બપોરે સાડા અગિયાર વાગ્યે તેઓ પોતાના હીરાના કારખાને હાજર હતા. આ દરમિયાન તેમના મોબાઈલ નંબર પર અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનાર વ્યક્તિએ પોતાની ઓળખ વિજય મરાઠી તરીકે આપી હતી અને જેમ ફાવે તેમ અભદ્ર ગાળો આપી હતી. ત્યારબાદ અન્ય એક મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં ફોન કરનારે પોતાનું નામ સોહિલ ગણાવ્યું હતું અને તેણે પણ તેની સાથે ગેરવર્તન કરી ગાળાગાળીકરી હતી.


BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ દિપક વી. નાગ્રેચા, અમરેલીના આથી આ નોટીસ આપી જણાવીએ છીએ કે,

મારા અસીલ શ્રી પાર્થ સંજયભાઈ ભડિયાદરા, રહે, અમરેલીના કે જેઓ નોટરાઈઝ બાનાખત કરી, રહેણાંક મકાન મિલ્કત, ખરીદ કરવા માંગતા હોય, સદરહુ મકાન મિલ્કત અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુધરાઈ હદમાં લીલીયારોડ રસ્તે ખારાવાડી સામે આવેલ બીનખેતી જમીન રે.સ.નં. ૨૯૮/૧/પૈકી ૪ ની તથા ૧૯૬૪૩ ચો.મી તથા રે.સ.નં. ૨૬૮/ ૪ની ૧૪૨૭ ચો.મી મળી કુલ ૨૧૦૭૦ ચો.મી ની જમીન કે જે "શીવ રેસીડેન્સી" ના નામે આવેલી છે તે માહેના પ્લોટ નં. ૧૩૧ વાળી મકાન મિલ્કત આવેલી છે. જેનો સીટી સર્વેનં.NA268/1P4,268/4/131 છે જે પ્લોટનુ ક્ષેત્રફળ ૬૪-૦૦ ચો.મી છે.

સદરહુ મકાન મિલ્કતવાળી પ્લોટની જમીનના મુળ માલીક રમણલાલ હરીલાલના નામે ચાલતી હતી ત્યાર બાદ તે જમીન તેના ગણોતીયા નાગજીભાઈ જેરામભાઈ તથા પોપટભાઈ જેરામભાઈને ગણોત હકકે સંપ્રાપ્ત થયેલી હતી. ત્યારબાદ વારસાઈનાતે તેમજ ભાઈઓ ભાગે વહેચણી થતા સદરહુ ઉપરોકત જમીન પોપટભાઈ જેરામભાઈ સોજીત્રા વિગેરે અન્ય ૫ ના માલીકી હકકે આવેલ હતી ત્યાર બાદ પોપટભાઈ જેરામભાઈ સોજીત્રાનુ અવસાન થતા તેના વારસદારો નં.(૧) વિમળાબેન પોપટભાઈ સોજીત્રા નં.(૨) મંજુબેન પોપટભાઈ સોજીત્રા નં.(૩) ચુનીભાઈ પોપટભાઈ સોજીત્રા નં.(૪) રમેશભાઈ પોપટભાઈ સોજીત્રા નં.(૫) રતીભાઈ પોપટભાઈ સોજીત્રા નં.(૬) હંસાબેન પોપટભાઈ સોજીત્રાના નામે આ જમીન આવેલ છે. તેઓ જાતે પોતે રતીભાઈ પોપટભાઈ સોજીત્રા તથા નં. ૧ થી ૪ તથા નં.૬ના કુલ મુખત્યાર પાસેથી ધીરૂભાઈ લક્ષ્મણભાઈ ઉકાણીએ તા.૨૯/૦૮/૨૦૧૭ના રોજ રજી.વે.દ.નં.૨૯૩૬ થી સદરહુ પ્લોટ નં.૧૩૧ વેચાણ રાખેલ છે. ત્યારબાદ તેઓ પાસેથી સદરહુ પ્લોટ જે.પી એન્ટરપ્રાઈઝ અમરેલી જે પાર્ટનરશીપ એકટ હેઠળ રચાયેલી પેઢીના ભાગીદાર ભરતભાઈ જવેરભાઈ વેકરીયાએ તા.૩૧/૦૫/૨૦૨૧ના રોજ રજી.વે.દ.નં.૨૦૯૬ થી સદરહુ પ્લોટ વેચાણ રાખેલ છે. ત્યારબાદ તેઓ પાસેથી અમારા ઉપરોકત અસીલશ્રી નોટ-રાઈઝ બાનાખત સી.નં.૧૧૯૯/૧૧૩ તા.૨૦/૦૩/૨૦૨૬ થી કરી, રહેણાંક મકાન મિલ્કત, ખરીદ કરવા માંગતા હોય, તે મિલ્કતના ટાઈટલ કલીયર માટે માંગણી કરતા હોઈ તે રીતે સદરહુ મિલ્કતનો અગાઉના વેચાણ વ્યવહાર ઉપરોકત કુલમુખત્યાર દરજજે થયેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે અર્ધ સરકારી સંસ્થાનું હીત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય, કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક-હિસ્સો હોય અથવા આ મિલ્કત અગાઉ કુલમુખત્યારનામું આપનાર દવારા તેને અગાઉ રદ કરવામાં આવેલ હોય તો કુ.મુ. દવારા ઉપરોકત વેચાણ વ્યવહાર થયેલ હોઈને, જેથી નિયમ અનુસાર સદરહુ મિલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપતા પહેલા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં સદરહુ મિલ્કત અંગે કોઈને કઈ પણ હરકત, વાંધા તકરાર, હોય તો લેખીતમાં આધારપુરાવા સાથે અમોના નીચે જણાવેલ સરનામે જણાવવુ, અન્યથા તે અંગે કોઈને હરક્ત, વાંધા તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા(વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કઈ પણ વાંધા તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૨૧/૦૩/૨૦૨૬
અમરેલી.
૧૧૭, ફસ્ટ ફલોર, નારણ આર્કેડ,
ભીડ ભંજન મહાદેવ મંદિર સામે,
લીલીયા રોડ, અમરેલી.

સહી
દિપક વી. નાગ્રેચા
એડવોકેટ અમરેલી.

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે. અમારા અસીલ શ્રી નિતેશકુમાર નાનાલાલ ડઢાણીયા રહે.રાજકોટ, ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો:- સાવર કુંડલા, મોજે-મોલડીના જેના રે.સર્વે નં.૩૦/૨, જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :-૧-૪૦-૬૩ હે.આરે.ચો.મી.(૧) સાવલીયા વીઠલભાઈ લખમણભાઈ તથા રે. સર્વે નં. ૩૦/૨/પૈકી ૧, જેનુ કુલ મળીને ક્ષેત્રફળ: ૧-૫૮-૮૪ હે.આરે. ચો.મી.(૧) કાળુભાઈ લખમણભાઈ સાવલીયા ના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલિક, કબજેદાર અને ધારણ કર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો,લાગ ભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમા જો કોઈનો વાંધો વિરોધ કેહકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હિત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમાની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈપણ વ્યક્તિ કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુ:-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાયત કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો.,૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

શું તમને સાંભળવાની તકલીફ છે ?

ફ્રી બહેરાશની તપાસ સલાહ, માર્ગદર્શન
તા. ૧૫ થી ૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# દામનગરના હજીરાધારમાં વૃધ્ધની હત્યાનો ખુલાસો, ત્રણ આરોપી ઝડપાયા

**જેલમાં બંધ આરોપીઓ સામે હત્યાની કલમ ઉમેરાઈ**



અમરેલી,તા.૨૧

દામનગર પોલીસ સ્ટેશન હેઠળના હજીરાધાર ગામે આશરે પાંચ મહિના પહેલા બનેલી એક ગંભીર ઘટનાનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. જુલાઈ ૨૦૨૫મા ગાયો ચરાવતા વૃધ્ધ દાનાભાઈ ધનાભાઈ કાનમિયાની લાશ પાણી ભરેલા ખાડામાંથી મળી આવી હતી, જેને તે સમયે અકસ્માત ગણવામાં આવ્યો હતો. જોકે, પોલીસ અધિક્ષક સંજય ખરાત અને વિભાગીય પોલીસ અધિકારી ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી સઘન તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપીઓ અર્જુન નાવડીયા, હાર્દિક ઉર્ફે બાવલો અને કિશન પરમારે કબૂલાત કરી છે કે તેઓએ વુધ્ધના હાથમાં પહેરેલા ૨૦૦ ગ્રામ ચાંદીના સરલીયા લૂંટવાના ઈરાદે તેમને પાણીમાં ડૂબાડીને મારી નાખ્યા હતા. હાલ આ ત્રણેય આરોપીઓ અન્ય ચોરી અને ધાડના ગુનામાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને પોલીસ દ્વારા આ કેસમાં મર્ડરની કલમનો ઉમેરો કરવામાં આવ્યો છે.

# સા.કુંડલાના હાથસણી ગામે મૈત્રી કરારનો ખાર રાખી યુવકના લોખંડના પાઈપ વડે પગ ભાંગી નાખ્યા

સા.કુંડલા, તા. ૨૧

સાવરકુંડલાના હાથસણી ગામે પ્રેમસંબંધની અદાવતમાં એક યુવક પર પાંચથી વધુ શખ્સોએ ઘાતક હુમલો કર્યાની ઘટના સામે આવી છે. નાના ભાઈના મૈત્રી કરારનો રોષ મોટા ભાઈ પર ઉતારી, આરોપીઓએ ઘરમાં ઘૂસી લોખંડના પાઈપ વડે બેરહેમીથી માર મારતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે રાજુભાઈ રત્નાભાઈ કુડેચા (ઉ.વ.૨૫) એ જગદીશભાઈ શામજીભાઈ ચારોલા તથા પરેશભાઈ હિંમતભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના નાનાભાઈ રાહુલને જગદીશભાઈ ચારોલાના પત્ની સાથે પ્રેમસંબંધ હતો. ગત તા. ૨૬/૦૨/૨૦૨૬ના રોજ હેતલબેન પોતાના બાળકને લઈને ઘરેથી નીકળી ગયા હતા અને રાહુલ સાથે મૈત્રી કરાર કરી તેના ઘરે રહેવા લાગ્યા હતા. આ બાબતનો ખાર રાખીને ઉશ્કેરાયેલા બંને લોકોએ હુમલાનું કાવતરું ઘડ્યું હતું. તેઓ જ્યારે પોતાના ઘરના ફળિયામાં સૂતા હતા, ત્યારે આરોપીઓએ લોખંડના પાઈપ જેવા હથિયારો સાથે ઘરમાં પ્રવેશ કર્યો હતો. આરોપીઓ તેના પર તૂટી પડ્યા હતા. લોખંડના પાઈપથી આડેધડ ફટકા માર્યા હતા, જેના કારણે તેના બંને પગમાં ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત જમણા ગાલ અને હાથના ભાગે પણ ઈજાઓ થઈ હતી. હુમલા દરમિયાન તેના સાળા કૌશિકભાઈ બચાવવા માટે વચ્ચે પડતા આરોપીઓએ તેમને પણ મૂઢ માર મારી ઈજા પહોંચાડી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી પી પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# વરસડાની પ્રાથમિક શાળામાં બે શિક્ષકોનો નિવૃત્તિ અને વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



અમરેલી, તા.૨૧

વરસડાની પ્રાથમિક શાળામાં બે શિક્ષકોનો નિવૃત્તિ વિદાયમાન અને ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ એકસાથે યોજાયો હતો. શાળામાં લાંબા સમય સુધી મદદનીશ શિક્ષક નીતાબેન ગોલ અને જશવંતભાઈ ગોહિલ વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા, તેમનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. બંને શિક્ષકોએ શિક્ષણ ક્ષેત્રે આપેલા અમૂલ્ય પ્રદાન અને વિદ્યાર્થીઓના ઘડતરમાં ભજવેલી ભૂમિકાને ગ્રામજનો અને સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તેમનું શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે જ ધોરણ ૮નો અભ્યાસ પૂર્ણ કરી ઉચ્ચ શિક્ષણ માટે આગળ વધી રહેલા વિદ્યાર્થીઓને ભાવિ જીવનમાં સફળતા મેળવવા અને ગામનું નામ રોશન કરવા આશીર્વચન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંપૂર્ણ સંકલન વરસડા ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવ્યું હતું.

**જાન્યુઆરી-૨૦૨૬થી માર્ચ-૨૦૨૬ સુધીમાં પોલીસની ફરાર આરોપીઓ સામે કાર્યવાહી**

# અમરેલી પોલીસે વર્ષોથી ફરાર ૨૩ રીઢા ગુનેગારો જેલના સળિયા પાછળ ધકેલ્યા



અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ પોલીસે છેલ્લા ત્રણ માસમાં ગુનેગારો સામે લાલ આંખ કરી એક મોટી સફળતા મેળવી છે. જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન ચલાવવામાં આવેલા ખાસ અભિયાન અંતર્ગત પેરોલ જમ્પ કરનાર અને વોન્ટેડ એવા કુલ ૨૩ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસની આ કાર્યવાહી માત્ર ગુજરાત પૂરતી મર્યાદિત ન રહેતા રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓડિશા અને પંજાબ જેવા અન્ય રાજ્યો સુધી વિસ્તરી હતી. આ ગુનેગારો લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યા હતા, જેમાં કેટલાક આરોપીઓ તો છેલ્લા ૧૬ વર્ષથી ફરાર હતા. ખાસ કરીને ૧૯૯૮ના એક જૂના કેસમાં છેલ્લા ૨૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડીને અમરેલી પોલીસે પોતાની કાર્યક્ષમતાનો પરિચય આપ્યો છે. પકડાયેલા આ ગુનેગારો વિરુધ્ધ આઈ.પી.સી., બી.એન.એસ. તેમજ એન.ડી.પી.એસ. અને પોક્સો જેવા ગંભીર કાયદાઓ હેઠળ ગુનાઓ નોંધાયેલા હતા. આ યાદીમાં એવા પણ ગુનેગારો સામેલ હતા જેમના પર સરકારે ઈનામ જાહેર કર્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે કેટલાક વોન્ટેડ આરોપીઓ કુદરતી રીતે મૃત્યુ પામ્યા છે, જેના પગલે કાયદેસરની પ્રક્રિયા બાદ તેમના નામ રેકોર્ડ પરથી કમી કરવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર ઓપરેશનને સફળ બનાવવા માટે પેરોલ ફોલો સ્કવોડ, એલ.સી.બી.,એ.એચ.ટી.યુ. અને સ્થાનિક પોલીસની ટીમોએ

**રાજ્ય અને આંતરરાજ્ય સ્તરે પોલીસનું સફળ ઓપરેશન**

આધુનિક ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો સુમેળ સાધીને ગુનેગારોનું ચોક્કસ પગેરું મેળવ્યું હતું. આ કડક કાર્યવાહીથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનશે અને ગુનેગારોમાં પોલીસનો ફફડાટ વ્યાપી ગયો છે.

**લૂંટના ગૂનામાં અમરેલી એલસીબીને મળી સફળતા**

# ધારીની મહિલાને આંખે અંધારા લાવી ચેઈન લૂંટનાર બે શખ્સો ઝડપાયા



બગસરા, તા.૨૧

અમરેલી એલ.સી.બી. ટીમે ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી ચીલઝડપની ઘટનાનો ભેદ ઉકેલી બે પરપ્રાંતીય ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. આ ઘટના ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ બની હતી, જેમાં વિજયાબેન ટાંક નામના મહિલાને પાવડર કે શેમ્પૂ વેચવાના બહાને વિશ્વાસમાં લઈ, કોઈ અજાણ્યા પ્રવાહી દ્વારા આંખે અંધારા લાવી તેમનો સોનાનો ચેઈન ઝૂંટવી લેવામાં આવ્યો હતો. એલસીબી પીઆઈ એ.ડી. ચાવડા અને તેમની ટીમે ટેકનિકલ સોર્સના આધારે બિહારના રહેવાસી એવા મહમદ સમશેર અને મહમદ જીયાઉલને પકડી પાડ્યા છે. તેમની પાસેથી સોનાનો ચેઈન, મોબાઈલ અને મોટરસાયકલ સહિત કુલ ૧,૩૫,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે

# રાજુલાના રામપરા-૨ ગામના ખેડૂત પર જૂની અદાવતમાં હુમલો કરી ધમકી આપી

રાજુલા, તા.૨૧

રાજુલાના રામપરા-૨ ગામે રહેતા વાઘાભાઈ ભીખાભાઈ વાઘ (ઉ.વ.૪૨)એ કોવાયા ગામના મુળુભાઈ સુમરાભાઈ લાખણોત્રા સામે ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાની વિગત મળતી માહિતી મુજબ, તેઓ પોતાની ફોર-વ્હીલ ગાડી લઈને જઈ રહ્યા હતા ત્યારે આરોપી મુળુભાઈ લાખણોત્રાએ પાછળથી સતત હોર્ન વગાડી, ભયજનક રીતે પોતાની ગાડી હંકારી હતી. તેમણે અકસ્માત ટાળવા માટે પોતાની ગાડી સાઈડમાં લઈ લીધી હોવા છતાં, આરોપીએ જાણીજોઈને પોતાની ગાડી ફરિયાદીની કાર સાથે અથડાવી હતી. જ્યારે તેણે આરોપીને ગાડી દૂર રાખવા જણાવ્યું, ત્યારે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને બિભત્સ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હુમલા પાછળનું કારણ કૌટુંબિક અદાવત જવાબદાર છે. આરોપીની બહેન તેમના ભાઈની પત્ની હતી. આશરે ત્રણ વર્ષ પહેલા તેમના ભાઈએ હત્યા કરી હતી. આ જૂના મનદુઃખ રાખીને આરોપીએ આ કૃત્ય આચર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ અકસ્માત તોડફોડમાં કારમાં

**કોવાયા ગામે સ્મશાનની પાસે બનાવ બન્યો**

૮૦,૦૦૦નું નુકસાન થયું હતું. પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એલ.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૧૦ | ૧૬૪૭ |
| જુવાર સફેદ | ૯૮૦ | ૧૦૩૪ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૧૦ |
| બાજરી | ૨૫ | ૩૦૦ |
| ચણા પીળા | ૯૨૦ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૧૭૩૦ |
| અડદ | ૯૦૦ | ૧૭૮૦ |
| મગ | ૮૦૦ | ૧૭૭૦ |
| વાલ દેશી | ૫૫૦ | ૯૮૬ |
| વટાણા | ૮૪૦ | ૧૧૫૧ |
| કળથી | ૩૫૦ | ૫૭૫ |
| રાજમા | ૧૧૦૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૫૩૫ | ૨૦૯૮ |
| મગફળી જાડી | ૧૦૭૫ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૦૧૧ | ૧૫૦૪ |
| તલી | ૧૫૦૦ | ૨૧૮૦ |
| સુરજમુખી | ૬૫૦ | ૯૯૯ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૩૦ |
| સીંગફાડા | ૧૧૭૦ | ૧૭૫૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૪૫૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૮૫૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૩૦૦ |
| રાય | ૧૦૭૦ | ૧૨૭૦ |
| અશેરીયો | ૧૦૩૫ | ૧૦૩૫ |
| કલોંજી | ૨૧૫૦ | ૩૨૫૦ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૭૧ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૭૨૮ | ૧૦૪૮ |
| લીંબુ | ૧૩૨૭ | ૨૬૩૨ |
| સાકરટેટી | ૧૫૪ | ૩૧૧ |
| તરબુચ | ૨૦૫ | ૪૧૧ |
| પૈપૈયા | ૯૩ | ૧૮૪ |
| બટેટા | ૭૧ | ૨૪૪ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૫૩ | ૨૩૬ |
| ટમેટા | ૮૯ | ૨૦૮ |
| સુરણ | ૮૧૭ | ૧૦૨૬ |
| કોથમરી | ૨૦૭ | ૪૧૧ |
| સકરીયા | ૫૦૬ | ૭૧૨ |
| મુળા | ૪૧૮ | ૬૦૭ |
| રીંગણા | ૨૫૯ | ૪૫૬ |
| કોબીજ | ૭૭ | ૧૧૮ |
| ફ્લાવર | ૨૧૯ | ૪૫૭ |
| ભીંડો | ૬૨૮ | ૯૪૯ |
| ગુવાર | ૬૬૭ | ૧૦૧૪ |
| ચોળાસીંગ | ૬૨૬ | ૧૦૪૭ |
| વાલોળ | ૪૩૬ | ૬૮૮ |
| ટીંડોળા | ૩૩૨ | ૬૪૩ |
| દુધી | ૧૬૨ | ૨૮૧ |
| કારેલા | ૫૧૮ | ૬૨૫ |
| સરગવો | ૨૦૨ | ૪૪૫ |
| તુરીયા | ૩૩૧ | ૫૪૨ |
| પરવર | ૧૨૦૧ | ૧૪૧૮ |
| કાકડી | ૧૬૧ | ૩૫૨ |
| ગાજર | ૨૦૧ | ૨૯૨ |
| વટાણા | ૬૦૭ | ૧૦૦૨ |
| ગલકા | ૪૨૬ | ૫૩૨ |
| બીટ | ૯૩ | ૧૭૯ |
| મેથી | ૨૧૧ | ૪૧૮ |
| વાલ | ૬૧૭ | ૮૨૪ |
| ડુંગળી લીલી | ૨૪૧ | ૪૧૨ |
| આદુ | ૯૧૩ | ૧૧૨૨ |
| મરચા લીલા | ૪૧૩ | ૬૩૧ |
| લસણ લીલું | ૫૨૨ | ૮૩૩ |
| મકાઇ લીલી | ૧૩૯ | ૨૨૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| કોબી | ૨૦ | ૨૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૬૦ | ૪૦૦ |
| રીંગણા | ૬૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૪૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૨૦૦ |
| શક્કરીયા | ૧૬૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૫ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| કાચા કેળા | ૮૦ | ૨૪૦ |
| ચ્રૂણ | ૭૮૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૨૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૬ |
| સરગવો પુરા | ૫ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૭૦૦ |
| વાલોર | ૬૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૧૬૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૧ | ૪ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૪૦ |

| | | |
|---|---|---|
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૨૦ |
| કોબીજ | ૮૦ | ૧૧૦ |
| શકકરીયા | ૨૪૦ | ૪૦૦ |
| ટમેટાં | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૨૦ | ૩૨૦ |
| દુધી | ૧૮૦ | ૨૨૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| કાકડી | ૨૨૦ | ૩૨૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૫૫૦ | ૬૫૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૮૮૦ |
| તુરીયા | ૩૫૦ | ૪૨૦ |
| વાલ | ૭૫૦ | ૮૪૦ |
| ભીંડો | ૫૨૦ | ૭૦૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૪૩૦ | ૫૪૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૩૦ |
| ફોદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૨૦ |
| બીટ | ૨૧૦ | ૨૪૦ |
| સરગવો | ૨૨૦ | ૩૪૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૨૨૦ |
| મરચાં લીલાં | ૫૫૦ | ૧૦૫૦ |
| મરચાં લાલ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૬૫૦ | ૮૫૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૧૬૨૦ |
| પાલક | ૩૫૦ | ૪૫૦ |
| લીબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઇ | ૨૩૦ | ૩૨૦ |

# અમરેલી જિલ્લામાં ઈદની ઉજવણી કરાઈ



અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં ઈદનો પવિત્ર તહેવાર ખૂબ જ આનંદ અને ભાઈચારાની ઉમદા ભાવના સાથે ઉજવવામાં આવ્યો હતો. વહેલી સવારે મુસ્લિમ બિરાદરો પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને સ્થાનિક ઈદગાહ ખાતે એકત્રિત થયા હતા, જ્યાં તેમણે પવિત્ર ઈદની નમાજ અદા કરી હતી. આ વિશેષ પ્રાર્થનામાં દેશ અને સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ તેમજ અખંડિતતા જળવાઈ રહે તે માટે ખુદા પાસે દુઆ માંગવામાં આવી હતી. નમાજની પૂર્ણાહુતિ બાદ વાતાવરણમાં એક અલગ જ ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં સૌએ એકબીજાને ભાવપૂર્વક ગળે મળીને 'ઈદ મુબારક' કહીને શુભેચ્છાઓની આપ-લે કરી હતી. આ દ્રશ્યોએ માનવતા અને પરસ્પર પ્રેમનો સચોટ સંદેશ વહેતો કર્યો હતો. બાળકોમાં પણ આ તહેવારને લઈને ભારે ઉત્સાહ વર્તાતો હતો અને તેઓ પણ વડીલોના આશીર્વાદ મેળવી ખુશીમાં સહભાગી બન્યા હતા.

# જિલ્લામાં બે સ્થળેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી ૫ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. બગસરામાંથી ૨ લીટર અને રાભડા ગામેથી ૩ લીટર દેશી દારૂ પકડાયો હતો. લાઠી, ગાવડકા, જુની માંડરડી ગામેથી ૧-૧ મળી કુલ ૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ



અમરેલી,તા.૨૧

બગસરા તાલુકાના જૂના વાઘણીયા ગામે ગ્રામીણ સ્વાસ્થ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી અંદાજિત ૩૬ લાખ રૂપિયાના ખર્ચે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે અમરેલી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહીડા, તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર અને માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા સહિતના મહાનુભાવોએ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. આ નવું આરોગ્ય કેન્દ્ર સ્થાનિક સ્તરે તબીબી સુવિધાઓ પૂરી પાડીને આસપાસના વિસ્તારના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે

# યહૂદીઓ પર ક્રૂર દમનનો કરુણ ઈતિહાસ



વર્તમાનમાં ઈઝરાયેલ અને અમેરિકા તેમજ ઈરાન વચ્ચે યુદ્ધ ચાલે છે. આ યુદ્ધમાં અમેરિકા વિશે તો સમજાય કે તેણે અનેક પાપો કરેલાં છે. તેથી તેને આક્રમણખોર માની લેવામાં આવે. પણ ઈઝરાયેલને કેમ આક્રમણખોર માની લેવામાં આવે છે?

સેક્યુલરો સદા ઈઝરાયેલ અને મુસ્લિમ દેશોનો ઈ. સ. ૧૯૪૮ પછીનો ઈતિહાસ બતાવે છે અને એમ કહે છે કે યહૂદીઓએ મુસ્લિમોને ખદેડીને ઈઝરાયેલ પચાવી પાડ્યું. પરંતુ તેનો ખરો ઈતિહાસ ઈસવીસન પૂર્વેથી ચાલુ થાય છે.

અબ્રાહમિક પંથો

મૂળ તો અબ્રાહમમાંથી જ યહુદી પંથ થયો. અબ્રાહમના દીકરા ઈસાકના વંશમાં જિસસ ક્રાઈસ્ટ અથવા ઈશુ ખ્રિસ્ત થયા.યહૂદી પંથ ખ્રિસ્તી પંથ કરતાં ૧,૯૭૫/૧,૯૭૭ વર્ષ જૂનો છે.

અબ્રાહમના બીજા દીકરા ઈસ્માઈલમાંથી આગળ જતાં મોહમ્મદ પયગંબર થયા. ઈસ્લામની શરૂઆત ઈ. સ. ૬૧૦માં થઈ. યહૂદી પંથ ઈસ્લામ કરતાં અંદાજે ૨,૫૫૮ વર્ષ જૂનો છે. એક રીતે એમ કહી શકાય કે ખ્રિસ્તી અને ઈસ્લામ બંને યહૂદી પંથના ફાંટા છે.તો પછી મુસ્લિમોનો યહૂદીઓ સાથે ઝઘડો કેમ ચાલુ થયો? તે જાણતા પહેલાં એ જાણવું પડશે કે જેમ ભારત પર શક, હુણ, યુનાની, કુષાણ, આરબો, તુર્કો, મુગલો વગેરેએ આક્રમણો કર્યાં તેમ ઈઝરાયેલ પર આરબ મુસ્લિમો પહેલાં કોણે-કોણે આક્રમણો કર્યાં?

યહૂદીઓ પર આક્રમણોનો ટૂંકો ઈતિહાસ

૧. ઈ. સ. પૂર્વે ૧૧મીથી લઈને આઠમી સદીમાં ફિલિસ્ટાઈન્સના લોકોએ ઈઝરાયેલ પર આક્રમણ કર્યું. તેઓ સતત આક્રમણો કરતાં અને પાકને ભયંકર નુકસાન પહોંચાડતા.

૨. ઈજિપ્તના રાજા શિશાકે ઈ. સ. પૂર્વે ૯૨૫માં જેરુસલેમ પર આક્રમણ કર્યું હતું. તેણે સોલોમન મંદિરમાંથી મોટા પાયે લૂટ કરી હતી.

૩. ઈ. સ. પૂર્વે ૭૨૨માં એસિરિયા (વર્તમાન ભૂગોળ સંદર્ભે (ઈરાક, ઈરાન, સિરિયા અને તુર્કીના પ્રદેશોથી બનેલો દેશ)ના રાજા પુલ અને પછી સર્ગોન દ્વિતીયએ આક્રમણ કરતાં યહૂદીઓને ત્યાંથી ભાગવું પડ્યું હતું.

૪. ઈ. સ. પૂર્વે ૬૦૫માં બેબિલૉન (વર્તમાન સંદર્ભમાં કંઈક અંશે ઈરાક)ના રાજાઓના આક્રમણો ઈઝરાયેલ પર શરૂ થઈ ગયાં હતાં.ઈ. સ. ૫૮૦માં બેબિલૉનના રાજા નેબુચદનઝીરેયહૂદીઓના રાજા સોલોમને બનાવેલું મંદિર તોડી પાડ્યું હતું. (રાજા સોલોમનના શાસનકાળને યહૂદીઓ માટે સુવર્ણ સમય ગણાય છે.)

આ મંદિર હિન્દુ મંદિર જેવું જ હતું. હિન્દુ મંદિરમાં ગર્ભગૃહ હોય છે તેમ સોલોમનના મંદિરમાં 'હૉલી ઑફ હૉલિઝ' હતું. હિન્દુ મંદિરમાં ધ્વજસ્તંભ હોય છે તેમ યહૂદીઓના મંદિરમાં કાંસ્યના જાડા સ્તંભો હતા. સોલોમનના મંદિરમાં ગર્ભગૃહમાં પ્રવેશ ખૂબ જ નિયંત્રિત હતો. જે રીતે શિવમંદિરમાં નંદી હોય છે તેમ સોલોમનના મંદિરમાં બાર બળદની મૂર્તિ હતી.સૂર્યનો રથ પણ હતો. શ્રદ્ધાળુઓ પૂર્વ દિશા અભિમુખ રહીને ભગવાન સૂર્યની પૂજા કરતા હતા.

જેમ ભારતમાં મુસ્લિમોના આક્રમણોમાં માત્ર લૂટ નહોતી, પરંતુ મંદિરો તોડી પડાયાં હતાં, લૂટ કરાઈ હતી તેમબેબિલૉનના રાજાઓના આક્રમણમાં ઈઝરાયેલનું મંદિર, ભવનો તોડી પડાયાં, લૂટ મચાવાઈ અને સાથે યહૂદીઓને ભાગવું પણ પડ્યું.

૫. ઈ. સ. પર્વે ૫૩૮માં પર્શિયા (વર્તમાન ઈરાન)ના (પારસી) રાજા સાઈરસ મહાને આક્રમણ કરી બેબિલૉનના રાજાને હરાવ્યો. પારસી રાજાએ સોલોમનના મંદિરને પુનઃ બાંધવા અનુમતિ આપી. આમ, અયોધ્યામાં શ્રી રામજન્મભૂમિ જેવો જ ઈતિહાસ અહીં થયો. આ ફરીથી બંધાયેલું મંદિર છસ્સો વર્ષ સુધી રહ્યું.

૫. તેના પર સિકંદર અથવા એલેક્ઝાન્ડરે આક્રમણ કર્યું. શરૂઆતમાં ગ્રીક અને યહૂદીઓ વચ્ચે સારા સંબંધો રહ્યા, પરંતુ બાદમાં સંબંધો બગડ્યા. ગ્રીકોએ યહૂદીઓની કેટલીક પરંપરા અને રીતરિવાજો પર પ્રતિબંધો મૂક્યા. આથી યહૂદીઓએ વિદ્રોહ કર્યો અને જીત મેળવી. આ ઘટનાને યહૂદીઓ હનુક્કાહ ઉત્સવ તરીકે મનાવે છે. ગત ૧૪ ડિસેમ્બર ૨૦૨૫એ ઑસ્ટ્રેલિયાના સિડનીના બૉન્ડી સમુદ્ર કિનારે હજારેક યહૂદીઓ આ હનુક્કાહ ઉત્સવ મનાવી રહ્યા હતા ત્યારે બે મુસ્લિમ પિતા-પુત્રએ આક્રમણ કરી ૧૫ લોકોને મારી નાખ્યા હતા જેમાં ત્રણ મહિલા અને એક બાળકી પણ હતી. પચ્ચીસ વર્ષ સુધી યહૂદીઓ સ્વતંત્ર રહ્યા. આનું કારણ એ પણ હતું કે ગ્રીકો પર સતત રૉમન આક્રમણો થતાં હતાં.

૬. ઈ. સ. પૂર્વે૬૩માં રૉમન રાજા પૉમ્પીએ આક્રમણ કરી ફરીથી યહૂદીઓને દાસ બનાવી લીધા. ઈ. સ. ૭૦માં રૉમન સમ્રાટ ટિટસના નેતૃત્વમાં રૉમન સેનાએ જેરુસલેમનું આ સોલોમન મંદિર તોડી પાડ્યું. આમ, આ મંદિર બીજી વાર તૂટ્યું ! રૉમનો મંદિરનો ઘણો બધો ભાગ પોતાની સાથે રૉમ લઈ ગયા. તે સમયે ૧.૧૦ લાખ યહૂદીઓ મરી ગયા હતા. ૯૭,૦૦૦ યહૂદીઓને બંદી બનાવાયા હતા. જોકે યહૂદીઓને પોતાની જ ભૂમિ પરથી તગેડી નહોતા મૂકાયા કે ન તો તેમનું પંથાંતરણ કરાયું હતું. તેમને પોતાનો પંથ પાળવાની છૂટ હતી.

૭. ઈ. સ. ૧૧૭માં રૉમનો અને યહૂદીઓ વચ્ચે બીજું યુદ્ધ થયું. તેને કિટોસ યુદ્ધ પણ કહે છે. યહૂદીઓ હારી જતાં તેમનું વધુ એક સ્થળાંતર (ઍક્સૉડસ) થયું.

૮. ઈ. સ. ૧૩૨થી ૧૩૬ વચ્ચે રૉમન અને યહૂદીઓ વચ્ચેનું ત્રીજું યુદ્ધ થયું. સાઈમન બાર ખોખબાએ આ વિદ્રોહનું નેતૃત્વ કર્યું હોવાથી તેને બાર ખોખબા વિદ્રોહ કહે છે. આ વિદ્રોહને રૉમનોએ કચડી નાખ્યો. આથી યહૂદીઓની ઈઝરાયેલમાંથી સંખ્યા ખૂબ જ ઘટી ગઈ. ઈઝરાયેલમાં બાજુના સિરિયા, ફૉએનિશિયા (અત્યારનું લેબેનોન, સિરિયાનો કેટલોક ભાગ) અને અરેબિયાના લોકો ત્યાં આવી ગયા.

૯. ઈ. સ. ૩૨૬થી ૩૨૮ દરમિયાન સમ્રાટ કૉન્સ્ટેન્ટિને ખ્રિસ્તી પંથને સ્વીકારી લીધો. હવે ચર્ચ ઑફ નેટિવિટી સાથે જેરુસલેમ ખ્રિસ્તી આસ્થાનું મોટું કેન્દ્ર બની ગયું. યહૂદીઓને જેરુસલેમમાં રહેવાની પણ હવે પરવાનગી નહોતી !

૧૦. ઈ. સ. ૩૯૦માં ઈઝરાયેલનો પ્રદેશ બાયઝેન્ટાઈન સામ્રાજ્ય હેઠળ આવ્યો અને ખ્રિસ્તી પંથ તેનો મુખ્ય પંથ બની ગયો. શાસકોએ ખ્રિસ્તી શ્રદ્ધાળુઓને અહીં જમીન ફાળવી. યહૂદીઓ પર દમન વધતું ગયું. તેમને તેમના નવાં ઉપાસનાકેન્દ્રો બનાવવાની અનુમતિ નહોતી. તેમને સરકારી પદો પણ મળી ન શકે.

૧૧. ઈ. સ. ૬૧૧માં પર્શિયા (વર્તમાન ઈરાન)ના પારસી રાજા ખોશરોએ આક્રમણ કર્યું જેને યહૂદીઓએ ટેકો આપ્યો. (આમ, ખરેખર તો યહૂદીઓ અને ઈરાનીઓ સાથે લડતા હતા. આવું બીજી વાર બન્યું હતું, પરંતુ આ ઈરાનીઓ પારસી હતા, મુસ્લિમો નહીં.) ફરીથી જેરુસલેમ યહૂદીઓ પાસે આવી ગયું. પરંતુ ઈ. સ. ૬૨૮માં ખોશરોના પુત્ર કાવડ દ્વિતીયએ બાયઝેન્ટાઈન એટલે કે પૂર્વ રૉમન સામ્રાજ્યની સાથે શાંતિ સમજૂતી કરતાં તેના સમ્રાટ હેરાક્લિયસે યહૂદીઓનો નરસંહાર કર્યો અને ફરીથી જેરુસલેમમાં યહૂદીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકાઈ ગયો !

૧૨. ઈ. સ. ૬૩૫માં આરબ મુસ્લિમોનું ઈઝરાયેલ પર આક્રમણ થયું. જેરુસલેમમાં જ અલ અક્સા મસ્જિદ બનાવવામાં આવી.

૧૩. આઠમી સદીમાં ખલીફા ઉમર દ્વિતીયએ મુસ્લિમ ઈત્તર પ્રજા એટલે કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ માટે તેઓ ઓળખાય તેવા ચોક્કસ રંગનાં કપડાં પહેરવાની પ્રથા શરૂ કરી. યહૂદીઓએ ગળા અને ટોપી પર પીળા સિતારા પહેરવાના. ખ્રિસ્તીઓએ ભૂરા. (ધારો કે આવું ભારતમાં મુસ્લિમો માટે શરૂ કરાય તો કેટલો હોબાળો મચે? ઈસ્લામોફૉબિક એવાં વિશેષણો વાપરવામાં આવે. લઘુમતી દમન શબ્દ પણ વાપરવામાં આવે. માનવાધિકાર સંસ્થાઓ મેદાનમાં આવી જાય. ફિલ્મો બની જાય.) ભારતમાં જેમ મોગલ શાસકોએ મુસ્લિમેત્તર પ્રજા પર જઝિયા વેરો નાખ્યો હતો તેમ ઈઝરાયેલમાં પણ યહૂદીઓ અને ખ્રિસ્તીઓએ તેમનો પંથ જાળવી રાખવા જઝિયા વેરો ભરવો પડતો. જો ન ભરી શકે તો તેમને જેલ થતી અથવા તેનાથી કડક સજા થતી. (આવો વેરો અત્યારે કોઈ દેશમાં મુસ્લિમોએ ભરવાનો થાય તો?)

વિચાર વલોણું

જયવંત પંડ્યા

૧૪. ઈ. સ. ૧૦૧૦ આસપાસ ખલીફા અલ હકીમે ઈશુના કબરના સ્થાનનો નાશ કર્યો. દસ વર્ષ પછી જોકે તેને ફરી પાછું સોંપી દેવાયું.

૧૫. આરબ મુસ્લિમોના આક્રમણ પછી ઈઝરાયેલમાં જનસંખ્યાનું ગણિત ઝડપભેર બદલાવા લાગ્યું. (આવું દરેક દેશમાં થયું છે. જ્યાં જ્યાં આરબ/તુર્ક/મોગલો વગેરે ગયા ત્યાં ત્યાં તેમણે જનસંખ્યાનું ગણિત બદલી નાખ્યું.) મુસ્લિમો બહારથી આવવા લાગ્યા. પંથાંતરણ ઝડપભેર થવા લાગ્યું.

૧૬. ઈ. સ. ૧૦૯૫માં ખ્રિસ્તીઓના પૉપ અર્બન દ્વિતીયએ મુસ્લિમો પાસેથી જેરુસલેમ પાછું લેવા પંથયુદ્ધ (ક્રુસેડ)ની હાકલ કરી. આવા ત્રીજા પંથયુદ્ધપછી મુસ્લિમ શાસન હેઠળ રહેલા જેરુસલેમમાં ખ્રિસ્તીઓને જવાની છૂટ મળી ગઈ. યહૂદીઓ તો હજુ પણ પ્રતિબંધિત જ રહ્યા. ઈ. સ. ૧૨૨૯માં છઠ્ઠા પંથયુદ્ધ પછી જેરુસલેમ ખ્રિસ્તીઓને મળી ગયું.

૧૯. પરંતુ ઈ. સ. ૧૨૪૪માં ખ્વારઝમિયન (જેણે મધ્ય એશિયા, ઈરાન અને અફઘાનિસ્તાન પર રાજ કર્યું) વંશના સુન્ની તુર્કોએ આક્રમણ કરી જેરુસલેમની ખ્રિસ્તી જનસંખ્યાનો નાશ કરી નાખ્યો. યહૂદીઓને ત્યાંથી હાંકી કાઢ્યા. આ શહેરનો સંપૂર્ણ નાશ કરી નાખ્યો. (આમ, ઈસ્લામના ઉદ્ભવ પછી ઈઝરાયેલ એ અગાઉ જેમ એસિરિયા, બેબિલૉન, રૉમનો વગેરે માત્ર પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવા આક્રમણ કરવા આવતા તેવું ન રહ્યું. હવે એ ખ્રિસ્તી વિરુદ્ધ મુસ્લિમ, યહૂદી વિરુદ્ધ મુસ્લિમ યુદ્ધનો અખાડો બની ગયો. ખલીફા ઉમર દ્વિતીયએ આક્રમણ કર્યું તે ઈસ્લામનો વિસ્તાર કરવા. સુન્ની તુર્કોએ આક્રમણ કર્યું તે ખ્રિસ્તીઓનું નિકંદન કાઢવા અને યહૂદીઓને ત્યાંથી હાંકી કાઢવા. (હવે સમજાય છે કે યહૂદીઓ- ખ્રિસ્તીઓ ગઠબંધન અને મુસ્લિમો વચ્ચે કેમ યુદ્ધ ચાલે છે?)

યહૂદીઓ પર વિશ્વ ભરમાં દમન થયું

યહૂદીઓ ઈઝરાયેલ છોડી જ્યાં ભાગ્યા હતા ત્યાં તેમના પર દમન થયું. ખ્રિસ્તી દેશોમાં વિશેષ કારણકે યહૂદીઓએ ઈશુને મારી નાખ્યા તેવું તેઓ માને. બ્લડ લિબેલ એટલે કે યહૂદી વિરોધી સેના બની જે પહેલાં યહૂદીઓ પર ખોટી રીતે ખ્રિસ્તીઓને મારી નાખવાનો અને તેમના લોહીનો પોતાની પંથીય વિધિમાં ઉપયોગ કરવાનો આક્ષેપ કરે છે. યહૂદીઓને હવે બીજા દેશોમાંથી પણ કાઢી મૂકાવા લાગ્યા. તેમનું બળજબરીથી પંથાંતરણ થવા લાગ્યું. તેમની હત્યાઓ કરાવા લાગી. ખ્રિસ્તીઓ માનતા કે યહૂદીઓ શેતાનને સાધીને ચમત્કારિક શક્તિઓ પ્રાપ્ત કરે છે !

એટલે સાતમી સદીમાં જ સ્પેનમાં વિસિગૉથિક રાજ્યએ યહૂદીઓ વિરોધી આદેશો આપેલા. પરંતુ ખ્રિસ્તીઓ અને મુસ્લિમો વચ્ચે પંથયુદ્ધો થયા તેમાં ખો યહૂદીઓનો વધુ નીકળ્યો.

પહેલા પંથયુદ્ધ વખતે ઈ. સ. ૧૦૯૬માં જર્મનીમાં ખ્રિસ્તીઓએ મોટા પાયે યહૂદીઓનો નરસંહાર કર્યો. (હિટલર પહેલાં). બીજા પંથયુદ્ધ વખતે ઈ. સ. ૧૧૪૭માં ફ્રાન્સમાં યહૂદીઓ પર અત્યાચારો થયા, તેમની હત્યાઓ થઈ. ઈ. સ. ૧૨૫૧થી ઈ. સ. ૧૩૨૦ દરમિયાન ફ્રાન્સમાં શેફર્ડની ક્રુસેડમાં યહૂદીઓનું નિકંદન કઢાયું.રિચાર્ડ ધ લાયનહાર્ટના શાસનમાં લંડનમાં યહૂદીઓ પર આક્રમણો કરાયાં. ત્રીજા પંથયુદ્ધ વખતે ઈંગ્લેન્ડમાં યહૂદીઓની હત્યા કરવા મોટા પાયે હિંસા ફાટી નીકળી. ઈ. સ. ૧૨૯૮માં એક લાખ યહૂદીઓની હત્યા કરવામાં આવી !

ઈ. સ. ૧૩૩૦ અને ઈ. સ. ૧૩૩૬માં જર્મનીમાં, ઈ. સ. ૧૩૩૮-૧૩૩૯માં ફ્રાન્સમાં યહૂદીઓ વિરુદ્ધ હિંસા થઈ. જે બચ્યા તેમને ભગાડવામાં આવ્યા. ઈ. સ. ૧૩૯૬માં એક લાખ યહૂદીઓને ફ્રાન્સમાંથી અને ઈ. સ. ૧૪૨૧માં હજારો યહૂદીઓને ઑસ્ટ્રિયામાંથી ભગાડવામાં આવ્યા. તેમાંના ઘણા ભાગીને પૉલેન્ડ ગયા.

૧૪મી સદીના મધ્યમાં યુરોપમાં બ્લેક ડેથ પ્લેગ ફાટી નીકળ્યો તો એવી અફવાઓ ફેલાવવામાં આવી કે આ રોગચાળો યહૂદીઓએ ફેલાવ્યો છે ! પરિણામે હિંસામાં સેંકડો યહૂદીઓની હત્યા થઈ ગઈ ! ઈ. સ. ૧૩૪૯માં ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં ૯૦૦ યહૂદીઓને જીવતા સળગાવી દેવામાં આવ્યા ! અને નવાઈની વાત તો એ હતી કે ત્યાં પ્લેગ હતો જ નહીં ! કેવી ઘૃણા ! ઈ. સ. ૧૩૯૧માં સ્પેનમાં હજારો યહૂદીઓને હિંસામાં મારી નખાયા.

ખ્રિસ્તી સત્તાધીશોએ જેમને માર્યા નહીં તે યહૂદીઓ પર કેવાં નિયંત્રણો નાખેલાં, કેવું દમન કરેલું તે પણ જોવા જેવું છે. આ યહૂદીઓએ ખ્રિસ્તીઓની દષ્ટિએ હિણપતભર્યા ગણાય તેવાં ધંધા-વ્યવસાય કરવાના. ખ્રિસ્તીઓ વેરા અને ભાડા વસૂલીને તેમજ પૈસા ઉધાર આપવાને પાપ માનતા. આથી આ વ્યવસાય તેમણે યહૂદીઓને આપી દીધો. આના લીધે યહૂદીઓની છાપ શોષકની બની ગઈ. શ્રમિકોને યહૂદીઓ પોતાના શત્રુ લાગવા લાગ્યા. યહૂદીઓને અલગ વસાહતમાં રહેવું પડતું. તેમને પોતાની ભૂમિ ખરીદવાની છૂટ નહોતી. તેઓ પોતાના સિવાયના જિલ્લાઓમાં પ્રવેશે તો તેમને વેરો ભરવો પડતો.

મુસ્લિમોએ જેવો આદેશ યહૂદી-ખ્રિસ્તીઓ માટે આપેલો તેવો આદેશ પૉપ ઈન્નૉસન્ટ તૃતીયએ એપ્રિલ ૧૨૧૩માં યહૂદીઓ અને મુસ્લિમો માટે આપ્યો. તેમણે તેમની તરત ઓળખ થઈ જાય તેવાં કપડાં પહેરવાના. આજે યહૂદીઓની ઓળખ જે હૅટ (ટોપી)થી થાય છે તે એટલા માટે કે પૉપે યહૂદીઓ માટે તે પહેરવી અનિવાર્ય બનાવી હતી. તેમણે શર્ટ વગેરે પર બૅજ પહેરવો પડતો.

યહૂદીઓ પર આવો અત્યાચાર દુનિયાભરમાં (માત્ર ભારત સિવાય) બધે જ ચાલતો રહ્યો. હિટલરના સમય સુધી આવું થયું. કુખ્યાત થયો માત્ર હિટલર કારણકે તે ખ્રિસ્તીઓ-અમેરિકા-બ્રિટન-ફ્રાન્સ વગેરેનો શત્રુ હતો. પરંતુ યહૂદીઓને આપત્તિમાં આશીર્વાદ જેવું એ થયું કે દુનિયાભરની તેમને સહાનુભૂતિ મળી ગઈ. તેમને પોતાની ભૂમિ ઈઝરાયેલ મળી ગઈ.જોકે ગાંધીજીની માત્ર ખોખલી સહાનુભૂતિ તેમને મળી. તેમને પેલેસ્ટાઈનમાં ઈઝરાયેલની રચના થાય તેનો વિરોધ હતો. ગાંધીજીના જે વિચારો હિન્દુઓ માટે હતા તે જ વિચારો યહૂદીઓ માટે પણ હતા. ગાંધીજીએ કહેલું કે "હિટલરે ૫૦ લાખ યહૂદીઓને મારી નાખ્યા, તે ખોટું થયું છે. પરંતુ યહૂદીઓએ પોતાને કસાઈના ચાકુને શરણે થઈ જવાની આવશ્યકતા હતી. તેમણે પર્વતો પરથી સમુદ્રમાં કૂદીને આપઘાત કરવાની આવશ્યકતા હતી. તેનાથી દુનિયા જાગૃત થઈ જાત."

આ યહૂદી પ્રજા પર ઈઝરાયેલની રચના પછી પણ ત્રાસવાદી આક્રમણો ચાલુ છે. તેઓ તેનો પ્રતિકાર કરે છે, પરંતુ હિટલરના હિંસાચારને બાદ કરતાં મુસ્લિમ ત્રાસવાદી સંગઠનો અને ઈરાન વગેરે મુસ્લિમ દેશોના સંદર્ભે તેમની તરફેણમાં નેરેટિવ બનાવી શકતી નથી. મીડિયા અને ફિલ્મોદ્યોગનો તેને સાથ નથી. ■

jaywant.pandya@gmail.comÄ

# હોર્મુઝની ખાડી, ભારતની વિદેશનીતિ અને ભારતનો વિપક્ષ

અમેરિકા ઈઝરાયેલ દ્વારા ઈરાન સાથે શરુ કરાયેલું યુધ્ધ લંબાતું જાય છે. બંને દેશોની ધારણા કરતા ઈરાન વધુ તાકાત બતાવી રહ્યું છે. પોતાના સર્વોચ્ચ નેતા સાથે લગભગ આખી વહીવટી અને લશ્કરી કેડરના આગેવાનો ખતમ થઈ ગયા બાદ પણ ઈરાન મજબૂતીથી જવાબ આપી રહ્યું છે. અમેરિકાના દાવા મુજબ ઈરાનની બધી આગેવાની લગભગ ખતમ થઈ ચુકી છે. જો એમ જ હોય તો એવું કહી શકાય કે ઈરાનનું માથા વિનાનું ધડ લડી રહ્યું છે. અમેરિકા ઈઝરાયેલ દ્વારા જે ચાર પાંચ ઈરાદાઓ સાથે ઈરાન પર આક્રમણ કરવામાં આવ્યું હતું એમાનો આયાતોલ્લાહ ખામેઈનીનો ખાત્મો કરવાનો એક ઈરાદો જ હજુ સુધી સફળ થયો છે. બીજા ઈરાદાઓ સિદ્ધ થયા કહી શકાય એ સ્તર સુધી યુધ્ધ નિર્ણાયક સ્થિતિમાં પહોચી શક્યું નથી. બંને છેડે ભારે ખુવારી થઈ રહી છે અને આખી દુનિયાના દેશો પર તેની ઓછી વત્તી અસર થઈ રહી છે.

ચપટી વગાડતા ઈરાનને ધ્વસ્ત કરીને યુધ્ધ જીતી જવાના દાવાઓ કરતુ અમેરિકા આજે નાટો, ફ્રાંસ, જર્મની, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, દક્ષિણ કોરિયા અને ચીન જેવા દેશો પાસે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે મદદ માંગી ચુક્યું છે. અમેરિકાને ધક્કો ત્યારે લાગ્યો જયારે આમાના અમુક દેશોએ અમેરિકાને મોઢા પર એમ કરવાની ના પાડી દીધી. આવું કદાચ પહેલી વખત બન્યું છે કે વિશ્વના સૌથી મજબૂત અને તાકતવર સૈન્યશક્તિ ધરાવતા દેશ અમેરિકાએ પોતે શરુ કરેલા યુધ્ધમાં અન્ય દેશોની મદદ માંગી હોય, અને એ દેશોએ ના પાડી દીધી હોય. અમેરિકા સામાન્ય રીતે ના સંભાળવા ટેવાયેલું નથી. ના સાંભળીને અમેરિકન પ્રમુખ ધાકધમકી પર ઉતરી આવ્યા છે. વ્યુહાત્મક તૈયારીઓમાં રહી ગયેલી મોટી ચૂક સ્વરૂપ આ નાનો સાંકડો દરિયાઈ રસ્તો અમેરિકા માટે કપરું ચઢાણ બની ગયો છે. વાઘની સવારી છે, નીચે કેમ ઉતરવું એ મોટો પ્રશ્ન બની ગયો છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ થઈને મોટા જથ્થામાં તેલ અને ગેસ પસાર થાય છે. ટ્રમ્પની મદદની ગુહાર વચ્ચે ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરગચીએ જાહેર કર્યું છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ નથી, એ માત્ર દુશ્મન દેશો માટે જ બંધ છે. જે રાષ્ટ્રો ઈરાનના મિત્ર રાષ્ટ્રો છે, એમના માટે આ ૩.૭ કિલોમીટરનો સાંકડો રસ્તો ખુલ્લો છે. સામાન્ય રીતે યુધ્ધ શરુ કરતા પહેલા દુશ્મનની તાકાત અને સીધા તેમજ આડકતરા હથિયારોનો તર્કપૂર્ણ અભ્યાસ કરી લેવામાં આવતો હોય છે. દુશ્મન દેશની ભૌગોલિક સ્થિતિને લઈને તેની પાસે જે અનુકુળતા અને પ્રભુત્વ ધરાવતી બાબતોને લઈને પણ એક વ્યુહાત્મક તૈયારી થઈ જતી હોય છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશે અભ્યાસ કરવાનું કદાચ અમેરિકા અને ઈઝરાયેલ ચુકી ગયા છે. આજના સમયમાં હવે યુધ્ધ બીજા દિવસથી જ આર્થિક અસરો આપવાનું શરુ કરી દે છે. અમેરિકા ઈઝરાયેલ અને ઈરાનના આ યુધ્ધમાં જ આપણે જોયું કે પહેલો બોમ્બ ફેંકયાના બીજા દિવસથી ભારતના દૂરદરાજ વિસ્તારમાં ગેસની બોટલ મળવી મુશ્કેલ બની ગઈ હતી. એ વિસ્તારના ગામડાનો દુનિયાની સ્થિતિઓથી સતત અજાણ રહેતો કોઈ નિર્દોષ ગેસની લાઈનમાં આગળ ઉભેલા પાસેથી માહિતી મેળવે છે કે ફલાણી જગ્યાએ ફલાણા ફલાણા દેશો વચ્ચે માથાકૂટ થઈ ગઈ છે એટલે હવે બાટલો મોડો મળશે. આપણો ગેસ ત્યાંથી આવે છે.

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

આ બધા વચ્ચે એવું કહેવાઈ રહ્યું છે કે બે ત્રણ દેશ પોતાની સ્થિતિ જાળવી રાખવામાં સફળ થઈ રહ્યા છે. એમનું સૌ પ્રથમ રશિયા છે, જે આ કટોકટીના સમયમાં ઊંચા ભાવે પોતાનું ક્રુડ વેંચીને તગડો નફો કમાઈ રહ્યું છે. બીજું છે ચીન જે પોતાની ઈરાન તરફથી આવતી ક્રૂડની ખેપ યથાસ્થિતિ રાખવામાં સફળ રહ્યું છે. ચીન ઈરાની ક્રૂડનું સૌથી મોટું ખરીદાર છે. ત્રીજો દેશ ભારત છે જે ઈરાન સાથે કોઈપણ સમજૂતી કર્યા વિના, માત્ર વાતચીત કરીને પોતાની તેલ ગેસની સપ્લાઈ જાળવી રાખી રહ્યું છે. ભારતની આ કુનેહ અને કુટનીતિ આખી દુનિયા જોઈ રહી છે. અમેરિકા જેવા દેશમાં પણ પેટ્રોલીયમ ઉત્પાદનોના ભાવ વધ્યા છે, જયારે ભારતમાં હજુ સ્થિર છે. એક કારણ પાંચ રાજ્યોની ચૂંટણી પણ હોઈ શકે, પરંતુ સરકાર બજારનું આ સેન્ટીમેન્ટ પચાવી રહી છે એ હકીકત છે. વડાપ્રધાન અમેરિકા સામે ઝુકી ગયા છે એવો વિધવાવિલાપ કરતા વિપક્ષની પીડાનો પાર નથી. વડાપ્રધાનના વિદેશપ્રવાસો અંગે કોમેડિયન કક્ષાની કોમેન્ટોની ઉલ્ટી કરતા રહેતા નેતાઓ અને ભાંડ દરબારી ચાટુંકારો એ બખૂબી જાણે છે કે આજની ભારતની મજબૂત અને લગભગ તટસ્થ રહીને પોતાનું કામ કરી લેવાની સ્થિતિ એ બધા પ્રવાસોને આભારી છે. મિડલઈસ્ટમાં ભારતનું સ્થાન આટલું મહત્વનું અને મજબૂત ક્યારેય નહોતું.

આપણે ત્યાં એક બાબત ખુબ પ્રચલિત છે કે કોઈ ઘરના સભ્યો વચ્ચે ચાહે તેવો ખટરાગ હોય, પણ જયારે બહારથી મુશ્કેલી આવે ત્યારે બધા સભ્યો એક થઈને મુકાબલો કરે છે. ભારતના વિપક્ષને એ લાગુ પડતું નથી.યુધ્ધની આ સ્થિતિમાં વિપક્ષનો ધર્મ છે કે સરકારની પડખે ઉભા રહીને, સરકાર પાસે જવાબો માંગતા રહીને સરકારને જાગ્રત રાખે, એના બદલે એ પોતાની રાજનીતિમાં મસ્ત છે. જે મુદ્દે જનતાને સમજૂત કરવાની બને છે, એ મુદ્દે ઉલ્ટા ભ્રમ ફેલાવવામાં વિપક્ષને રસ છે. સરકાર પાસેથી પોતાની નીતિઓ આધારિત નિવેદનો બોલાવવામાં વિપક્ષ પોતાની શક્તિ ખર્ચી રહ્યો છે. જયારે બીજા દેશોના વડાઓ એવું કહી રહ્યા છે કે ભારત યુદ્ધ અટકાવી શકે છે, શાંતિ સ્થાપિત કરાવી શકે છે, ત્યારે દેશનો વિપક્ષ 'વડાપ્રધાન આમ કેમ બોલ્યા ?, વડાપ્રધાન આમ કેમ ન બોલ્યા ?' જેવી બાબતોમાં અટવાઈ ગયો છે.

ક્વિક નોટ -- दूरस्थाः पर्वताः रम्याः वेश्याः च मुखमण्डने

युद्धस्य तु कथा रम्या त्रीणि रम्याणि दूरतः ॥

ઉંચા અને દુર્ગમ પર્વત, તથા પોતાના મુખને વિભિન્ન સૌંદર્ય પ્રસાધનોથી સુસજ્જિત કરેલ એક વેશ્યા દૂરથી જોવામાં જ સુંદર લાગે છે. એ પ્રમાણે યુધ્ધનું વર્ણન સાંભળવામાં જ સુંદર લાગે છે. આ ત્રણેયથી જેટલુ અંતર રાખીને જોઈ કે સાંભળી શકાય એટલું જ શ્રેયસ્કર છે. ■

production@infiniumpharmachem.com

# ખીચડીનુ સંશોધન કોણે કર્યુ છે ?

(૧)પતિ પોતાના ઘરમાં કેમ મન ભરી ને હસતો નથી હોતો ?


જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)

એટલે તમે એમ કહેવા માંગો છો કે એ બીજાના ઘેર મન ભરી ને હસે છે?!

(૨)આ યુધ્ધનાં વાતાવરણમાં તમને કોઈ વડાપ્રધાન બનાવી દે તો તમે દેશ માટે શું નિર્ણય લો?

નિધિ પાંડોર (ભિલોડા અરવલ્લી)

તમે ઓગણત્રીસમા પ્રશ્નકર્તા છો જે મને વડાપ્રધાન બનાવવા માગે છે. જો હું વડાપ્રધાન બની જાઉં તો તમારી ટિકિટ પાક્કી!

હાસ્યાય નમ:

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૩)સાહેબ..! ભવાઈની શરૂઆતમાં ડાગલો(વિદૂષક)નું શું કામ હોય છે?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

છોકરાઓ જોવા આવ્યા હોય એ સૂઈ જાય ત્યાં સુધી ટાઈમપાસ કરવા.

(૪)હાસ્યલેખક તરીકે તમને એવોર્ડ મળે તો તમે કોઈ ફંક્શન રાખો ખરા?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

રાખું પણ ખરો હો, મારું કાઈ નક્કી નહીં!

(૫)પારકું અને પરબારુ આ બંનેમાં કોઈ ફરક ખરો?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

તમે મને જમવા માટે પરબારા તમારા ઘેર બોલાવી શકો પણ પારકાં ઘેર ન બોલાવી શકો.

(૬)ક્યો ધંધો કરીએ તો દુકાને રેશનીંગ દુકાન જેવી ગ્રાહકોની લાઈન લાગે ?

કનુભાઈ પરમાર (દામનગર)

બુઢ્ઢા માટે બ્યુટીપાર્લર ખોલો.

(૭)તમે સવાલોના જવાબ ના આપો તો શું થશે?

બાલુભાઈ કિકાણી (લીલિયા)

વિશ્વયુધ્ધ ફાટી નીકળે તો પણ ના નહી!

(૮)તમે ગેસની લાઈનમાં ઉભા રહો છો?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

ના, વચ્ચેવચ્ચે બેસી જાઉં છું.

(૯)ખીચડીનુ સંશોધન કોણે કર્યુ છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા(નવા ઉજળા)

રોજ ખીચડી ખાઈ ને કંટાળ્યા છો એની દાઝ સંશોધન કર્યુ એના પર ઉતારવી છે ને?!

(૧૦)માણસો સ્વાર્થી કેમ હોય છે?

ભરતભાઈ ડાંગર (ગળકોટડી)

બધા તો મારા અને તમારા જેવા ન હોય ને?!

(૧૧) ગેસનો બાટલો જોઈએ તો ખાનગીમાં કહેજો. વ્યવસ્થા કરી દઈશ.

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

આમ ખાનગીમાં મને બાટલો આપો તો એ વ્યવસ્થા નહી, અવ્યવસ્થા કરી કહેવાય.

(૧૨)એમ કેમ કહેવાય છે કે કાયદાને હાથમાં લેવો નહી?

જય દવે (ભાવનગર)

કેમ કે કાયદાના હાથ લાંબા હોય છે.

(૧૩)કમર અને કમરા વચ્ચે કેટલો તફાવત?

રામભાઈ પટેલ (સુરત)

મમરા અને મામેરા વચ્ચે હોય એટલો.

(૧૪)આપણી આંખમાં કણું પડે એ કેમ દેખાતું નહી હોય? રમાબેન પટેલ (અમદાવાદ)

આપણી આંખને કણું જ નહી ઘણું નથી દેખાતું.

(૧૫)ફિલ્મોમાં બતાવાય એ યુધ્ધ અને સાચા યુધ્ધ વચ્ચે શું તફાવત છે?

દર્શન પટેલ (વડોદરા)

સાચા યુધ્ધમાં ફિલ્મોની જેમ ઢેન ટેણેન.. ઢેન ટેણેન.. એમ સંગીત ન વાગતું હોય. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ઉકેલ પહેલા અસ્તિત્વમાં આવે છે, સમસ્યા પછી દેખાય છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

સંસારને સાગર કેમ કહેવાય છે એ હવે કોઈ કોઈને સમજાય છે. સાગરમાં ઘણીવાર ગમે તેટલા હલેસા મારો તોય હોડી ત્યાં ને ત્યાં જ રહે છે. મધ્યકાળમાં દરિયાખેડૂઓ પર લોકો આફરિન હતા. જે કોઈ સાગર સફરેથી પાછા આવે એના બહુ જ હારતોરા થતા. આખા યુરોપમાં બે સખીઓ વાત કરતી હોય તો એમાં એક વાક્ય તો હોય જ કે હું તો કોઈ સેઈલર સાથે જ લગ્ન કરીશ. મધ્યયુગમાં યુરોપની કન્યાઓને સપના આવતા કે તે કોઈ નવયુવાન ખલાસી સાથે વહાણે ચડીને દૂર દૂરના એકાંતિક ટાપુ તરફ જઈ રહી છે. યુરોપિયન સાહિત્યમાં એના પ્રતિબિંબો ઝિલાયા છે. દરિયો સાહસથી ભરપૂર છે. જહાજ પર શઢ ચડે અને એમાં પવન ભરાય એટલે સુકાની લંગર પાછા ખેંચે ને... હાલ રે માલમ હાલ...કહેતા જહાજ કિનારેથી દૂર સરવા લાગે અને જોતજોતામાં ક્ષિતિજે ઓઝલ થઈ જાય.

સંસાર પણ એવો જ છે. જો તમે કિનારે છો તો કેટલાય જહાજો તમારી નજરમાંથી દૂર સરી જશે. તમે સ્થિર હો એટલે દૃશ્ય બદલાયા કરશે. પણ એવું તો ક્વચિત જ બને. દરરોજ હલેસા મારવામાંથી માણસ ક્યાં નવરો થાય છે ? અત્યારે તો હોડી તળેથી દરિયો સ્વયં સરી ગયો છે. એ રેતીમાં હલેસા તો મારે છે, પણ હોડી ક્યાં હલે કે ચલે ? તળ બદલાયા, જળ બદલાયા...દુનિયાના લાખો માણસો પોતાના બંધ ઘરની બારીમાંથી પડોશની ઈમારત તરફ જુએ છે... એ સિવાયનું બહિર્જગત હવે સગી આંખે તો દેખાય એમ નથી.

જે ચરણો પંખી બનીને ફાવે એમ ઉડતા હતા એ ગૃહપિંજરે પુરાઈ ગયા છે ને કંઠમાં ભીના ટહૂકાઓ પણ અટકી અટકીને ભીતર જ શમી રહ્યા છે, જાણે કે ઘોર તોફાની ભરતી પછી દરિયો પોતે પોતાનામાં જ સંકેલાતો જતો હોય એમ ! તોફાની ભરતી બધેયથી શાંત થઈ ગઈ છે. અનેક વહાણના શઢ ઉતરી ગયા છે. કેટલાક શઢ તો ફાટી ગયા છે. પવન સૂસવાટા મારતો વહી રહ્યો છે. જેના શઢ ફાટી ગયા છે એ બધા જ વહાણો જ્યાં છે ત્યાં જ ઘુમરાઈ રહ્યા છે. વમળ છે નહિ તોય દરેક વહાણ ઘુમરી ખાતુ દેખાય છે. ભરતીના દિવસો પૂરા થઈ ગયા છે અને

**પંખીઓ જે પિંજરે કેદ હોય એને શરૂઆતમાં તો એમ જ હોય કે હમણાં મુક્તિ મળશે...! એટલે પિંજરમાં આમતેમ પાંખો ફફડાવ્યે રાખે...!**

દરિયો એના થોડા શંખ-છીપલાઓને કાંઠે મૂકીને ઉતરી ગયો છે પોતાનામાં જ ઊંડે ઊંડે.

ભજન તો એમ કહે છે કે અલખ લહેરું લાગી... ને એની ભ્રમણા સરવે ભાંગી... પણ અહીં તો કોઈ અલખની લહેર નથી તોય બધાની બધી ભ્રમણા ભાંગવા લાગી છે. હજુ સ્વીકારતા વાર લાગે. એમ થયા જ કરે કે કાલે હડી કાઢીને ઘોડે ચડીશુ.... પંખીઓ જે પિંજરે કેદ હોય એને શરૂઆતમાં તો એમ જ હોય કે હમણાં મુક્તિ મળશે...! એટલે પિંજરમાં આમતેમ પાંખો ફફડાવ્યે રાખે. બહુ લાંબા સમય પછી શુકરાજા અને શુકરાણીને ખ્યાલ આવે કે આ થોડુંક જામફળ, મરચું ને ઘૂંટડો પાણી જ આપણું જીવન છે. આટલામાં જો મધુર બોલતા આવડે તો ઠીક છે. બંધન કોઈ પણ હોય એ સમયને ધીમો પાડે છે. સમય તો એની એ જ ગતિએ હોય પણ ઘટનાઓ ઓછી થાય એટલે ગતિ મંદ અનુભવાય. ઘટનાઓ વધે એટલે સમય સંકોચાય. આઈન્સ્ટાઈન દાદાની આ જ રિલેટિવિટી છે. જિંદગીમાં ઘટનાઓ બનતી સાવ અટકે એનું નામ મૃત્યુ.

છતાં કોઈ હોય છે કે જેને રેતીમાં વહાણ ચલાવતા આવડતા હોય. ભડકે બળતા લાક્ષાગૃહમાંય ભૂગર્ભ રસ્તે જીવંત બહાર આવવાનો માર્ગ કોઈક તો જાણતું હોય છે. ચારેબાજુના ચોકીદારોના ચાંપતા વિરાટ ઘેરાવામાં રહેલી એક ઓરડીમાંથી સુભાષચન્દ્ર બોઝ એકાએક લાપતા થઈ ગયા હતા. ચોખાના બે દાણાથી દ્રૌપદીએ અતિથિ દુર્વાસા સહિતના વિશાળ ઋષિકુળને વણજમ્યે ભોજનતૃપ્ત કર્યા હતા. હજારો દૃષ્ટાન્તો છે કે જેમાં કોઈ જ માર્ગ ન હતો છતાં એક એક ઉપાય તો ક્યાંક હતો જ. સમાધાન પહેલા અસ્તિત્વમાં આવે છે અને સમસ્યા તો પછી સામે મળે છે. ■

# આનંદ અને રૂપા બાહુપાશમાં બંધાઈને ઊભા હતા



## રાગ - વૈરાગ - ૧૫

લઘુનવલકથા
યોગેશ પંડયા

આનંદ અને રૂપા બાહુપાશમાં બંધાઈને ઊભા હતા એ દ્રશ્ય જોઈને શ્વેતા મનમાંને મનમાં જ સમસમી ગઈ. તેના કોડવંતા કાળજા ઉપર જાણે પીડાના. 'છમ્મ.. છમ્મ..' કરતા છમકારા થયા. આનંદ પર હાડોહાડ ગુસ્સો તો ચડ્યો પણ એ ગુસ્સો અંતે નફરત માં ફેરવાઈ ગયો. કાળજું જાણે ભડભડ બળતું હતું..

'વિચારોમાં ને વિચારોમાં એ પૂનમચંદની દુકાન પાસેથી પસાર થઈ કે પૂનમચંદે બોલાવી, કેમ બેટા, રાવજીને ત્યાંથી અચાનક પાછી ફરી ગઈ? ત્યાં બેઠી નહીં?'

'શું ધૂળ બેસે?'શ્વેતાના ચહેરા ઉપર રતાશ ધસી આવી.

પૂનમચંદને કશુંક રંધાતું હોવાની વાસ આવી એટલે દાણો દાબ્યો, 'વળી શું છે? દાળમાં કંઈ કાળુ?'

'અરે આખી દાળ જ બગડી ગઈ કાકા.' શ્વેતા તીખી નજરે બોલી,' કાકા ,મને હવે વધારે બોલાવો નહીં તો સારું છે.આજે હું જે બધા સીન સપાટા અને લીલા જોઈને આવી છું એનાથી તો મારું માથું ભમી ગયું છે કાકા..ઘોર કળિયુગ આવ્યો છે..'શ્વેતાના મુખમાંથી પીડા સાથે ઢગલો એક ગુસ્સો ય ઢોળાયો, " એણે જેના ઘરે ખાધું એના ઘરે જ ખાતર પાડયું....મને કહેતાય લાજ આવે છે!!"

"અરે , પણ તું કોની વાત કરે છે બેટા?? તે એવું તે શું જોયું ?" પૂનમચંદે સ્પષ્ટતા કરાવવા શ્વેતાને છઁછેડી. :"કારણ વગરની તું એકદમ ગુસ્સે થઈ ગઈ?? જ્યારે અહીંથી એ માસ્તર ને ઘેર જવા નીકળી હતી ત્યારે તો હસતી હસતી જતી હતી..મેં તને જોઈ હતી બેટા..???કંઈક માંડીને વાત કર તો ખબર પડેને? કોણ હતું એ?"

'બીજું તે વળી કોણ હોય?' શ્વેતા કહેતી ગઈને પૂનમચંદ એ ચપટી વગાડી. તેના હૈયે ઈર્ષ્યાની આગ પ્રસરી ગઈ હતી. એ જે તકની રાહ જોઈને બેઠો હતો એ તક દરવાજે દસ્તક દઈ રહી હતી.હવે પોતાના મનનો મનસૂબો પાર પાડવાનો હતો. તેણે શ્વેતા ને વધુ ઔર છંછેડતા કહ્યું,' હેં?? તું શું વાત કરે છે બેટા! આ તો ઘોર કળજુગ આવ્યો.આ તો જેના ઘરે ખાધું એના ઘરે જ ખાતર પાડ્યું??!! આ તો હવે હદ થઈ ગઈ કહેવાય..' જવાબમાં શ્વેતા ફાટ ફાટ થતા મગજે ઘેર જવા નીકળી ગઈ. અને પૂનમચંદને ભત્રીજો જયચંદ યાદ આવ્યો કોઈ એવી તરકીબ માટે જયચંદ ઉસ્તાદ હતો. ધીરે ધીરે પ્લાન પૂનમચંદના મગજમાં દોડવા લાગ્યો. એણે જયચંદને તાત્કાલિક ટપાલ લખી નાખી. વળતે દિવસે અરજણને બોલાવવાનું નક્કી કરી લીધું.

અચાનક તેને તેના બનેવી યાદ આવ્યા. કાવાદાવાના જાણકાર બનેવીની યાદે તેમનામાં હિંમત આવી ગઈ. હવે પોતાના પાસા પાર પડશે..એક એવો કારસો તેના મગજમાં આકાર લઈ રહ્યો હતો કે એ કારસો ભવિષ્યમાં આનંદ અને રૂપાની જિંદગી ખાનાખરાબ કરી નાખવાનો હતો.રફેદફે કરી નાખવાનો હતો..!!

★★

રૂપાને જોવા માટે મહેમાનો આવી ગયા. આમ તો બધું જ નક્કી જ હતું. આ તો ખાલી જોવાવાટ હતી. વચ્ચે રાવજીભાઈના સાળા હતા. એટલે ચિંતા નહોતી. બે સ્ત્રી અને બે પુરુષો અને મધ્યસ્થી તરીકે રૂપાના મામા હતા.

આનંદ ત્યાં જ બેઠો હતો. છોકરાવાળા ચંદ્રકાંતભાઈના વતનના ગામની બાજુના જ હતા એટલે ઓળખાણ નીકળી હતી. ચા પાણી પીવાઈ ગયાં. બન્ને પક્ષે પાક્કું થઈ ગયું. ગોળધાણા ખવાઈ ગયા. જોડાજોડ ઊભેલી પુત્રવધૂ ઉપર અમીદૃષ્ટિ નાખતાં સાસુ, સમતા જાણે ધન્ય ધન્ય થઈ ગઈ હતી. દીવો લઈને ગોતવા નીકળો તોય આવું રતન મળે નહીં. ભાગ્ય જરૂર પલટાણાં હતાં. આજે પહેલું નોરતું હતું. દશેરાનું ચાંદલા- ચૂંદડી ઓઢાડવાનું મુહુર્ત નક્કી કરીને જ એ લોકો ગયા.

★★

બાદલગઢની નવરાત્રી પહેલી જ વાર માણતો આનંદ નવરાત્રીનું નવલું પર્વ માણતાં માણતાં મદહોશ બની જતો. રોજ રાતના નવ-સાડાનવે બાદલગઢના ચોકમાં ગામની યુવતીઓ અને જુવાનો ગરબા ગાતા. ભક્તિના હેલે ચડતાં ઘેરદાર ઘાઘરા,ચસચસતી ચોળી અને ઊડ ઊડ થતી ઓઢણીઓની માલીપા, લચકતા મનમોહક અંગમરોડ અને એમાંય પાછું રૂપાનું હૂંફાળું સાન્નિધ્ય! રૂપાનો ઠસ્સો અને મસ્તીલી કાયાનો કેવડો મહેકી ઉઠ્યો હતો. સ્વર્ગની અપ્સરા જાણે ધરતી લોક ઉપર ગરબા રમવા આવી હોય એવી આકર્ષક અને પદમણી જેવી લાગી રહી હતી.એના રોમેરોમમાંથી રૂપ, ઢોળાય રહ્યું હતું. એની આખેઆખી કાયા જાણે રૂપની ચાસણી હોય એવી સોહામણી લાગી રહી હતી. એની કેડયનો ઉલ્લાળો અને મારકણી આંખો ના ઈશારા,એની નમણી મ્હોં ફાડ માંથી ઢોળાય રહેલું સ્મિત અને ગરબા લેતી વખતે એની કાયાનો હિલ્લોળ ગામના જુવાનિયાવના હૈયાને ઝટકો મારતો. નવરાતના નવેનવ દિવસ આનંદ, રૂપાના લયહિલ્લોળ અને નર્તનમાં પાગલ થઈને બેસી રહેતો પણ આઠમને દિવસે અચાનક આનંદને મિત્ર હર્ષદ તેડવા આવી ચડયો.!

હર્ષદનું બાદલગઢમાં આવવું એ આનંદ માટે તો ધન્યભાગ્ય હતું. તેનો દિલોજાન દોસ્ત મહેમાન બનીને આવ્યો એ તેને ખૂબ ગમ્યું હતું. છતાં આનંદે તેને પૂછ્યું,કે કેમ અચાનક ??

જવાબમાં હર્ષદે કહ્યું કે પોતે હમણા બે-ત્રણ દિવસની રજા મૂકીને આવ્યો છે અને ખાસ તો સુમનભાભીને દશેરાને દિવસે ચૂંદડી ઓઢાડવા જવાનું હતું તેથી બાએ પોતાને તેડવા માટે જ મને ખાસ મોકલ્યો છે. એનો જવાબ હર્ષદને જો કે જરાય ગમ્યો નહી.કેમ કે માં ને પોતાના ઉપર આટલો ય વિશ્વાસ નહોતો??

પણ તેણે એ બારામાં હર્ષદ ને કશું કહ્યું નહી એ તો ઊલટાનો કહેવા લાગ્યો કે, પોતે આવતી કાલે સવારમાં ચોક્કસ નીકળવાનો જ હતો, છતાં પણ નિર્મળાબહેનને વિશ્વાસ ન આવ્યો હોય એટલે હર્ષદને બાદલગઢની નવરાત્રી જોવા માણવા મળી. ગામ તો સુંદર હતું જ, પણ નવરાત્રીમાં ગામડામાં મજા આવે એની અનુભૂતિ હર્ષદને પહેલી વાર થઈ! . પોતે જ્યાં ધરમપુરમાં નોકરી કરતો હતો ત્યાંના અબુધ લાગતા માણસોને તો કદાચ આવી સેંજા જ ન હોય એમ લાગતું હતું.

નવરાત્રીના પટાંગણમાં હર્ષદ પણ રૂપાને ગરબે ઘૂમતા જોઈ રહ્યો. રૂપાનું રૂપ, લાવણ્ય યૌવનનો થનગનાટ જોઈને તેને થયું, આનંદની લાગણી ખરેખર સાચી છે. ક્યાં સુમનભાભી અને ક્યાં રૂપા? રૂપાની તોલે તો સુમનભાભી આવી જ ન શકે. હર્ષદ રૂપાને ગરબે ઘૂમતી એકીટશે નિહાળી રહ્યો હતો.રૂપાના નર્તનમાં આભિજાત્ય હતું. લય હતો. યૌવનનો રાગ તો હતો એ તો ખરું, પણ કોઈ પણ યુવાનને પોતાની તરફ ખેંચી લે એવો અનુરાગ પણ હતો. હર્ષદ તેની સામે ને સામે તાકી જ રહ્યો હતો... આનંદે હસીને તેને પૂછ્યું, 'શું જુએ છે?'

'રૂપા ને..' હર્ષદ, પોતાના પરમ મિત્ર આનંદની આંખોમાં આંખ નાખીને પુનઃ બોલ્યો, એક માત્ર રૂપાને....!!' (ક્રમશઃ) ■

# હું પણ આમાની જ એક સ્ત્રી છું



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"જો મહેશ, હું તને પગે લાગુ છું, બે હાથ જોડીને કહું છું કે, તેં એવો કોઈ ગંભીર ગુનો કર્યો જ નથી. સાચું કહું છું મેં જ એવડો મોટો ગુનો કર્યો છે કે, ઈશ્વર મને કયારેય માફ નહીં જ કરે. કોઈએ આ સંસારને સળગતો સંસાર કહ્યો છે તે સાવ સત્ય જ છે, સાચું જ છે. મારો વાંક અને ગુનો હશે એની ના નહીં, પરંતુ આ સંસારમાં મારા જેવી ઘણી સ્ત્રીઓ પરણેલી હોવા છતાં કુંવારી છોકરીની જેમ રહેતી હશે.... એ તો નક્કી જ હા, હું પરણિત છું.... દમલની પત્ની ! પરંતુ ફક્ત સેંથામાં લાલ સિંદૂર પૂરવાથી મારે સંતોષ માનવો રહ્યો એવી મારી અત્યાર સુધીની સ્થિતિ હતી, પરંતુ પરણ્યા પછી સ્ત્રીને કાયદેસર શરીર સુખ તો મળવું જ જોઈએ. અને જોવાનું સુખ ન મળે ત્યારે જો સ્ત્રી એવા સુખ માટે વલખાં મારે છે, તરફડે છે, તડપે છે, પછી એવા કોઈ સંજોગો ઉત્પન થાય ત્યારે લાચાર બની જઈ ન કરવાનું કરી નાખતા તેને જરાપણ શરમ આવતી નથી. નિર્લજ્જ થઈ જઈ તે પારકા શરીર સાથે સુખ મેળવવા નીત નવા નવા ખેલ ખેલે છે. ભવિષ્યના પરિણામની ચિંતા પણ તે કરતી નથી. આવું બને છે, બનતું આવ્યું છે આહું જે કંઈ બોલું છું તે સાચે જ સત્ય છે...." આંખમાંથી નીકળતાં આંસુ અવિરત ચાલુ હતાં છતાં પણ શાંતુ આગળ બોલી :

"હું પણ આમાની જ એક સ્ત્રી છું, પહેલાનો દામલ કંઈ આવો તો ન હતો. પરંતુ લગ્ન પછી તે આવો થઈ ગયો. તેનું વર્તન, તેનો ભાવ, તેનો સ્વભાવ, તેની લાગણી અને તેનામાં ઉત્પન્ન થતાં જિન્સી આવેગોમાં મોટી ઓટ આવી ગઈ. આવું પોતાના શરીરમાં થતાં કર્મશીલ એવા દામલને મેં મારી સગી આંખોએ રડતા જોયો છે. કારણ કે તે એક પૂર્ણપુરૂષ તરીકે મને જરાપણ સંતોષ આપી શકતો ન હોવાથી, ખૂબજ રિબાઈ રહ્યો છે. આખરે તે શું કરે....? એટલે તો એક સ્ત્રીજાતક સ્વભાવને કારણે આવું જાતિય સુખ મેળવવા માટે મેં જે તને આવું બધું કરવા માટે ખૂબ ખૂબ ઉશ્કેર્યો પહેલાં સ્પર્શ પછી ચુંબન અને પછી તો... શારીરીક એવી અતિ તડપનમાં હું ભાન ભૂલી ગઈ છેવટે મેં તારી પાસેથી, તારા શરીર પાસેથી મને મનગમતું સુખ ગમે તેમ કરીને મેળવી જ લીધું. પરંતુ આવું કર્યા પછી અત્યારે તારી આવી હાલત જોઈને મારો જીવ તો કળીએ કળીએ કપાઈ રહ્યો છે. હું ખૂબ બળી રહી છું...

"જો કે મારા કરેલા કર્મોની સજા મને મળવી જ જોઈએ, તો પછી તારી સ્થિતિ આવી કેમ થઈ ? તું તો હજી નાનો છે, તારા તો લગ્ન કરવાના પણ હજી બાકી છે. તેની શરૂઆત આમ મારા શરીર સાથે શરૂ થઈ તે એકમાત્ર અકસ્માત છે એમ સમજી લે. એક સપનું જ માની લે... મહેશ ! તો જ તું ઝડપથી સ્વસ્થ થઈ શકીશ તારા શરીર સાથે આવું કંઈ જ બન્યું નથી એમ તારા મનને તું મનાવી લે...

"તારા શરીરનું ધગધગતું લોહી મારા શરીરની નાનામાં નાની જોઈ ન શકાય તેની નસોમાં હંમેશાં વહેવું જ રહેશે. કારણ કે રાતભર મેં તારી સાથે, તારા શરીર સાથે, કંઈ કેટકેટલું કર્યું એ તને ખબર નથી પણ મને તો ખબર જ છે. તને તો મેં બિયરના બે કેન પીવડાવી દીધા હતાં, એથી તું તો ખૂબ જ નશામાં ને નશામાં જ હતો એટલે હું કહુ તેમ તું કરતો હતો. હું એક પરિણીત સ્ત્રી થઈને તારા જેવા ભોળા, કાચા કુંવારા અને ખૂબજ જોરુકા એવા યુવાનના ગરમ ગરમ અને ધગધગતા લોહીના પ્રવાહને રાતભર પીતી રહી... પીતી રહી... મજાનો મીઠો સ્વાદ અનુભવતી રહી. જો કે ત્યારે એ સમયે તને પણ આવું કરવાથી ખૂબ ખૂબ આનંદ આવતો જ હતો. કારણ કે એક સ્ત્રીના ભર્યા ભર્યા અંગનો પ્રથમ સ્પર્શ તને અનુભવવા મળ્યો હતો. તારા જેવા જુવાન હૈયાને સ્ત્રીનો સંગ અતિ મીક્ષ ભર્યો લાગે જ...

"પરંતુ આખી રાતની તારી સ્થિતિ, તારી હાલત જોયા પછી મને પારાવાર દુઃખ થયું, ઘડી બે ઘડીના મારા સુખ ખાતર, મારા શરીરના સુખ ખાતર, મેં તારી સાથે તારા કુંવારા શરીર સાથે કેવું કેવું આક્રમણ કરેલું તેની તો મને જ ખબર છે, મહેશ...! સમય અને સંજોગો મારી જેવી સાવ છોકરી અને પરિણીત સ્ત્રીને આમ જ લલચાવે છે કદાચ એટલે જ તારૂં સુંદર એવું શરીર જોઈને પ્રથમથી જ હું ખૂબ જ લલચાઈ ગઈ હતી. અને મારી ઈચ્છા તારી સાથે શરીર સુખ માણવાની થઈ આવી, પછી મારી આવી ઘેલી ઈચ્છા પૂરી કરવા માટે હું અનેક વિચારોમાં રાચવા માંડી, ને એવો સમય આવતા મેં મારી ઈચ્છા, મારૂં સપનું સાકાર કર્યું તો ખરૂ જ !

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

**અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની પ્રેરણાથી**

# રીબડા સ્થિત SGVP ગુરુકુળ ખાતે ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ

રાજકોટ,તા.૨૧

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની પ્રેરણાથી સૌરાષ્ટ્ર સંભાગ ૧ અને ૨ દ્વારા આયોજિત વિશેષ ક્રિકેટ ટુર્નામેન્ટ અને માતૃશક્તિ સ્પોર્ટ્સ ડે ૨૦૨૬નો રીબડા સ્થિત SGVP ગુરુકુળ ખાતે અત્યંત ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો છે. આ કાર્યક્રમની શરૂઆતમાં જિલ્લા અધ્યક્ષ સંજયભાઈ હુંબલે પ્રેરણાદાયી ઉદબોધન આપ્યું હતું, જ્યારે જિલ્લા મહામંત્રી સાગરભાઈ પોપટે સમગ્ર આયોજનની રૂપરેખા આપી સંગઠનના સભ્યો દ્વારા છેલ્લા એક માસથી કરવામાં આવેલી તનતોડ મહેનતની પ્રશંસા કરી હતી. પ્રાંતમાંથી પધારેલા મહાનુભાવો દેવાયતભાઈ ભોળા અને હિતેશભાઈ ગોપાણીએ સંગઠનની કાર્યપ્રણાલી પર ભાર મૂકતા ઉપસ્થિતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે આશિષભાઈ વેકરીયા દ્વારા કેન્દ્રીય રમત-ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયાનો હાર્દિક શુભેચ્છા સંદેશ વાંચવામાં આવ્યો હતો, જેણે ખેલાડીઓનો ઉત્સાહ બેવડાવ્યો હતો. SGVP ગુરુકુળના ડાયરેક્ટર પૂજ્ય ધર્મવત્સલ દાસજી સ્વામીએ આશીર્વચન આપતા જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં શિક્ષણની સાથે સંસ્કાર અનિવાર્ય છે અને બાળકના સર્વાંગી વિકાસ માટે આવા આયોજનો ખૂબ જ જરૂરી છે. તેમણે શૈક્ષણિક મહાસંઘની રચનાત્મક પ્રવૃત્તિઓની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૌતમભાઈ હદવાણીએ કુશળતાપૂર્વક કર્યું હતું અને અંતમાં હિતેશભાઈ ભંડેરીએ આભારવિધિ કરી હતી. અંતે વંદે માતરમના ગાન સાથે રાષ્ટ્રભક્તિના માહોલમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# ધોરાજી પંથકમાં માવઠાએ ખેડૂતોની દશા બગાડી, સહાય આપવા માંગ ઉઠી



ધોરાજી,તા.૨૧

છેલ્લા કેટલાક વર્ષોથી કુદરતી આફતો જાણે ગુજરાતનો પીછો છોડતી નથી. માવઠું, વાવાઝોડું અને કમોસમી વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. ધોરાજી પંથકમાં ખેડૂતોએ મોટી આશા સાથે મોંઘા ભાવના બિયારણો અને જંતુનાશક દવાઓનો ખર્ચ કરીને કપાસ, મગફળી, ઘઉં અને તલ જેવા પાકોનું વાવેતર કર્યું હતું, પરંતુ કુદરતની ક્રૂરતા સામે તમામ મહેનત નિષ્ફળ ગઈ છે. ગઈકાલે સાંજે અચાનક વાતાવરણમાં પલટો આવતા ગાજવીજ સાથે ખાબકેલા ધોધમાર વરસાદે ખેડૂતોના મોંમાં આવેલો કોળિયો છીનવી લીધો છે.

હાલમાં માર્કેટિંગ યાર્ડમાં ઘઉંના પૂરતા ભાવ ન મળતા હોવાથી અનેક ખેડૂતોએ પોતાની જણસ ખેતરમાં જ રાખી હતી, જે આ વરસાદમાં પલળીને કચરો થઈ ગઈ છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાથી અને તૈયાર પાક નાશ પામવાથી ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. આર્થિક ફટકો પડતા જગતનો તાત ચિંતિત બન્યો છે અને હવે સરકાર વહેલી તકે નુકસાનીનો સર્વે કરી યોગ્ય વળતર ચૂકવે તેવી આશા રાખીને બેઠો છે.

## વેરાવળના જાલેશ્વરમાં માછલી ઉતારવા બાબતે બે જૂથો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું, ૧૩ સામે ફરિયાદ

ગીર સોમનાથ, તા.૨૧

વેરાવળના જાલેશ્વર વિસ્તારમાં માછલી ઉતારવા જેવી સામાન્ય બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર અથડામણ સર્જાતા દરિયાકાંઠે તણાવનો માહોલ જોવા મળ્યો હતો. આબીદ ઢોકી અને અસગર લુસાણી પક્ષ વચ્ચે શરૂ થયેલી બોલાચાલી જોતજોતામાં હિંસક બની હતી. બંને પક્ષના લોકોએ લાકડીઓ, લોખંડના પાઈપ અને પથ્થરો વડે સામસામે હુમલો કરતા અંદાજે ૬ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. ઘટનાની જાણ થતા જ વેરાવળ પોલીસે સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. પોલીસે બંને પક્ષની સામસામી ફરિયાદના આધારે કુલ ૧૩ લોકો વિરુધ્ધ BNS ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હાલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાલેશ્વર વિસ્તારમાં પોલીસ દ્વારા ચુસ્ત પેટ્રોલિંગ અને બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# ઈઝરાયેલનો હિઝબુલ્લાહ પર હુમલો કરતા ૫૭૦ આતંકીઓ ઠાર, ૧૨૦ કમાન્ડ પોસ્ટ ધ્વસ્ત



તેહરાન, તા.૨૧

ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના સંઘર્ષમાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સીસ (IDF) એ મોટી સફળતા મેળવી હોવાનો દાવો કર્યો છે. આઈડીએફ દ્વારા જારી કરાયેલી માહિતી મુજબ, દક્ષિણ લેબનોનમાં ચાલી રહેલી લશ્કરી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૫૭૦ થી વધુ હિઝબુલ્લાહ આતંકવાદીઓને મારી નાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઈઝરાયેલી સેનાએ ૧૨૦ કમાન્ડ પોસ્ટ, ૧૦૦ થી વધુ શસ્ત્ર સંગ્રહ કેન્દ્રો અને ૧૩૦ થી વધુ મિસાઈલ લોન્ચર્સનો નાશ કર્યો છે. ઈઝરાયેલે અત્યાર સુધીમાં અંદાજે ૨,૦૦૦ થી વધુ આતંકવાદી સ્થળો પર હવાઈ અને જમીની હુમલા કર્યા છે. ૧૬ માર્ચથી શરૂ કરાયેલી આ 'લક્ષ્યાંકિત ભૂમિ કાર્યવાહી'નો મુખ્ય ઉદ્દેશ્ય હિઝબુલ્લાહને સરહદથી દૂર ધકેલી ઉત્તર ઈઝરાયેલના રહીશોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ સતત રોકેટ હુમલા કરી રહ્યું છે, જેના જવાબમાં ઈઝરાયેલે આક્રમક અભિયાન તેજ કર્યું છે. આઈડીએફએ સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી ખતરો ટળશે નહીં ત્યાં સુધી આ અભિયાન ચાલુ રહેશે.

## પતિએ ઘરકામમાં પત્નીને સમાન સાથ આપવો જોઈએ : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે ઘરેલું જવાબદારીઓ અંગે એક સીમાચિહ્નરૂપ અવલોકન કરતા જણાવ્યું છે કે, પતિએ રસોઈ, સફાઈ અને કપડાં ધોવા જેવા ઘરના કામોમાં પત્નીને સમાન રીતે સાથ આપવો જોઈએ. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કર્ણાટક હાઈકોર્ટના આદેશ વિરુધ્ધની અરજી પર સુનાવણી દરમિયાન આ ટિપ્પણી કરી હતી. કેસની વિગત મુજબ, એક પતિએ તેની પત્ની રસોઈ નથી બનાવતી તેવા આરોપ સાથે 'ક્રૂરતા'ના આધારે છૂટાછેડા માંગ્યા હતા. આ સાંભળી બેન્ચે કડક શબ્દોમાં કહ્યું કે, "તમે જીવનસાથી સાથે લગ્ન કર્યા છે, ઘરકામ કરનાર નોકરાણી સાથે નહીં. હવે સમય બદલાઈ ગયો છે અને પુરુષોએ પણ તમામ ઘરકામમાં સમાન ભાગીદારી નોંધાવવી પડશે." બંને પક્ષો સરકારી શાળામાં શિક્ષક હોવાનું જાણવા મળતા, કોર્ટે તેમને રૂબરૂ વાતચીત કરવા માટે ૨૭ એપ્રિલે હાજર રહેવા નિર્દેશ આપ્યો છે.

# રેવન્યુ ગુરુ રમણીકભાઈ કોટડીયા દ્વારા ખેડૂતોને કાયદાકિય શસ્ત્રથી સજ્જ કરવાનો સેવાયજ્ઞ



અમરેલી,તા.૨૧

રાજકોટના રામવાડી અને વડાલી ચોકડી નજીક થોરાળાની સીમમાં જાણીતા રેવન્યુ માર્ગદર્શક રમણીકભાઈ કોટડીયા દ્વારા ખેડૂતોના હિત માટે એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. જમીન કિંમતી થતી જાય છે ત્યારે ખેડૂતો રેવન્યુ કાયદાના અભાવે આંતરિક વિવાદોમાં ન ફસાય તે હેતુથી અહીં નિયમિત તાલીમ કેમ્પ યોજાય છે. 'આપણું નથી તે ક્યારેય આપણું નથી' એવા પ્રામાણિક સૂત્ર સાથે અત્યાર સુધી ૧૨ સફળ કેમ્પ સંપન્ન થયા છે. હવે ખેડૂતોને કાયમી માર્ગદર્શન મળી રહે તે માટે ૧૩માં કેમ્પના અવસરે ભગવાન હળધારી બલરામના નામ પરથી 'બલરામ સેવાધામ'નું ભવ્ય ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ અને ૧૧ દંપતીઓના મંત્રોચ્ચાર સાથે સંપન્ન થયેલા આ કાર્યક્રમમાં સુરતના મહેમાન વિજયભાઈ, ખેડૂત અગ્રણીઓ, વકીલો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કેન્દ્ર ભવિષ્યમાં સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે પ્રેરણારૂપ માર્ગદર્શન કેન્દ્ર બની રહેશે.

# વડોદરામાં હર્ષ સંઘવીએ અત્યાધુનિક પોલીસ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું કર્યું લોકાર્પણ




વડોદરા, તા.૨૧

વડોદરા શહેર પોલીસની સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર'નું લોકાર્પણ કર્યું હતું. ગુજરાત પોલીસના સ્માર્ટ પોલીસિંગ અને 'નેત્રમ' પ્રોજેક્ટ અંતર્ગત પોલીસ ભવનના સાતમા માળે આ અત્યાધુનિક સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડીજીપી કે. એલ. એન. રાવ અને શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને પોલીસ ટુકડી દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ સેન્ટરનું નિરીક્ષણ કરી સીસીટીવી કેમેરા દ્વારા ટ્રાફિક અને સુરક્ષા પર કેવી રીતે નજર રાખવામાં આવે છે તેની ઝીણવટભરી વિગતો મેળવી હતી. પોલીસ કમિશનરે આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ક્રાઈમ ડિટેક્શન અને તહેવારો દરમિયાન બંદોબસ્તની કામગીરી અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. હર્ષ સંઘવીએ સુરક્ષા પ્રણાલીમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવા સૂચન કર્યું હતું અને વિઝિટ બુકમાં પોતાની નોંધ લખી પોલીસ તંત્રની કામગીરીને બિરદાવી હતી.

# નકલી નોટ છાપનારા 'દેશદ્રોહી' છે, કોઈને બક્ષવામાં નહીં આવે: મંત્રી પ્રફુલ પાનસેરિયા

**સુરત પોલીસની કામગીરીને બિરદાવતા મંત્રીએ આપી ચીમકી**



સુરત, તા.૨૧

સુરતમાં કરોડોની નકલી નોટોના રેકેટના પર્દાફાશ બાદ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ આકરા તેવર બતાવ્યા છે. તેમણે નકલી નોટનો કારોબાર કરનારા તત્વોને 'દેશદ્રોહી' ગણાવતા સ્પષ્ટ કર્યું કે અર્થતંત્રને ખોખલું કરનારાઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં. મંત્રીએ સુરત પોલીસની સરાહના કરતા જણાવ્યું કે આ રાષ્ટ્રવિરોધી ષડયંત્રને જડમૂળથી ઉખેડી નાખવા સરકાર કટિબધ્ધ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ધર્મ, યોગ કે આસ્થાની આડમાં ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા ગણતરીના પાપીઓને કારણે સાચા સંતો બદનામ ન થવા જોઈએ, પરંતુ દોષિતો સામે કાયદાનો સિંકજો વધુ કડક કરવામાં આવશે.

## ઈરાન સાથે વાતચીત શક્ય પણ યુધ્ધવિરામ નહીં: રાષ્ટ્રપતિ ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.૨૧

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથેના સંઘર્ષ મુદ્દે આકરું વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા હાલ કોઈ પણ સંજોગોમાં યુધ્ધવિરામ ઈચ્છતું નથી. વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું કે, "વાટાઘાટોના દ્વાર ખુલ્લા છે, પરંતુ જ્યાં સુધી દુશ્મનને સંપૂર્ણપણે કચડી ન નાખવામાં આવે ત્યાં સુધી લશ્કરી કાર્યવાહી ચાલુ રહેશે." બ્રિટને હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાની મિસાઈલ થાણાંઓનો નાશ કરવા અમેરિકાને પોતાના સૈન્ય મથકોના ઉપયોગની મંજૂરી આપી છે, જેની ઈરાને કડક નિંદા કરી છે. ટ્રમ્પે બ્રિટનના આ નિર્ણય પર આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે આ કાર્યવાહી ઘણા સમય પહેલા થઈ જવી જોઈતી હતી. ટ્રમ્પના મતે અમેરિકા ઈરાન સામેના પોતાના સૈન્ય લક્ષ્યો પ્રાપ્ત કરવાની ખૂબ નજીક છે અને આગામી દિવસોમાં હુમલાની તીવ્રતા ઘટાડવા અંગે વિચારણા કરી શકે છે.

# મોંઘવારીનો માર : સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૦૦૦ને પાર, અન્ય ખાદ્યતેલોમાં પણ તેજી



અમદાવાદ, તા.૨૧

ગુજરાતીઓના રસોડામાં વપરાતા ખાદ્યતેલોના ભાવમાં ભડકો જોવા મળ્યો છે. સિંગતેલના ડબ્બાનો ભાવ રૂ.૩૦૦૦ની સપાટી વટાવી ચૂક્યો છે, જેમાં દિવાળીથી અત્યાર સુધીમાં રૂ.૫૫૦નો વધારો ઝીંકાયો છે. માત્ર સિંગતેલ જ નહીં, પણ કપાસિયા અને પામોલીન તેલના ભાવ વધતા સામાન્ય જનતાનું બજેટ ખોરવાયું છે. મગફળીની ઓછી આવક અને સટ્ટાકીય પ્રવૃત્તિઓને કારણે આ તેજી જોવા મળી રહી છે. નિષ્ણાંતોના મતે, જ્યાં સુધી સરકાર મગફળીનું વેચાણ શરૂ નહીં કરે ત્યાં સુધી ભાવમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે, જેના કારણે ગ્રાહકો મોંઘા ભાવનું તેલ ખરીદવા મજબૂર બન્યા છે.


# ઉનાના સામતેર પંથકમાં કમોસમી વરસાદ: માવઠું થતા ખેતરોમાં રહેલા પાકને નુકસાન, સરકાર પાસે સહાયની ખેડૂતોની માંગ



ઉના, તા.૨૧

ઉનાના સામતેર પંથકમાં બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. કાળા ડિબાગ વાદળો અને વીજળીના કડાકા-ભડાકા સાથે ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી હતી. આ કમોસમી વરસાદથી કેરી, ઉનાળુ બાજરી, તલ, મગ, ટેટી અને તરબૂચ જેવા પાકોને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સામતેર ઉપરાંત કાણક, બરડા, ઉમેજ, પાતાપુર, ગરાળ, સુલતાનપુર અને રામેશ્વર જેવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો હતો. સામતેર ગામના ખેડૂત ભુપતભાઈ જાદવે આઠ વીઘામાં ટેટીનું વાવેતર કર્યું હતું. તેમણે જણાવ્યું કે, 'મેં બે લાખથી વધુનો ખર્ચ કર્યો હતો. પાક તૈયાર થઈને ઉતારવાનો સમય આવ્યો ત્યારે કમોસમી વરસાદ પડ્યો, જેના કારણે સંપૂર્ણ પાક બગડી ગયો છે.' ભુપતભાઈએ વધુમાં ઉમેર્યું કે, 'ખર્ચ પણ નીકળે તેમ નથી અને મોઢામાં આવેલો કોળિયો છીનવાઈ ગયો છે.' તેમને ટેટીનો પાક માર્કેટમાં મોકલવાની મોટી આશા હતી, પરંતુ વરસાદે તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોને મોટા પાયે નુકસાન થવાની ભીતિ છે.

# કોડીનારના ઘાટવડ ગામે PGVCLની બેદરકારીથી ૧૪ દિવસમાં ૩ વખત ઈલેવન વાયર તૂટી રોડ પર પડતાં લોકોમાં રોષ



ગીર સોમનાથ, તા. ૨૧


ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાટવડ ગામમાં વીજ વિભાગ PGVCL ની ગંભીર બેદરકારી ફરી એક વખત સામે આવી છે. છેલ્લા દસ દિવસમાં ગામમાં ત્રણ વખત જીવતા ઈલેવન કેબલ વાયર તૂટી ને સીધા રોડ પર પડવાના બનાવો બન્યા છે, જેના કારણે ગ્રામજનોમાં ભારે ભય અને આક્રોશ ફેલાયો છે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તૂટેલા વાયર જીવતા હોવાના કારણે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. ગામમાં લોકોની અવરજવરવાળા રસ્તાઓ પર આ પ્રકારની ઘટનાઓ બનતા લોકો પોતાના જીવના જોખમે પસાર થવા મજબૂર બન્યા છે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ PGVCL ની બેદરકારીના કારણે બે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. તેમ છતાં, તંત્ર દ્વારા યોગ્ય અને સમયસર મેન્ટેનન્સ કરવામાં ન આવતા ફરી આવી ઘટનાઓ બનતા પ્રશ્નો ઊભા થયા છે. ગામલોકોએ જણાવ્યું હતું કે, તેમની નજર સામે જ જીવતા વાયરો તૂટી ને રોડ પર પડ્યા હતા, જે દ્રશ્યો અત્યંત ભયજનક હતા. આ બનાવ બાદ લોકોમાં ભારે રોષ ફેલાયો છે અને તંત્ર સામે અસંતોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. ગામના રહેવાસીઓએ લટકતા વાયરોને દૂર કરવા, નિયમિત મેન્ટેનન્સ અને વીજ પુરવઠા વ્યવસ્થાને સુરક્ષિત બનાવવાની માંગ કરી છે.

# ગુજરાત અશાંત ધારો વધુ કડક બનશે: મિલકત વેચાણ માટે કલેક્ટરની મંજૂરી ફરજિયાત

**નવા સુધારા મુજબ નિયમ ભંગ બદલ ૫ વર્ષની સજા અને જંત્રીના ૨૫ ટકા દંડની જોગવાઈ**

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સરકાર રાજ્યના સંવેદનશીલ વિસ્તારોમાં શાંતિ જાળવવા 'અશાંત ધારો' વધુ મજબૂત કરવા જઈ રહી છે. આગામી વિધાનસભા સત્રમાં 'ગુજરાત અશાંત વિસ્તારોમાં મિલકત તબદીલી સુધારા વિધેયક-૨૦૨૬' રજૂ કરવામાં આવશે. નવા નિયમ મુજબ, નિર્દિષ્ટ વિસ્તારોમાં મિલકત વેચવા માટે જિલ્લા કલેક્ટરની પૂર્વ લેખિત મંજૂરી લેવી અનિવાર્ય બનશે.



કલેક્ટર સોદાની પારદર્શિતા અને સામાજિક અસરની તપાસ કર્યા બાદ જ મંજૂરી આપશે. સરકાર આ કાયદાના અમલીકરણ માટે જીઓ-ફેન્સિંગ અને ડિજિટલ મેપિંગ જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરશે. જો કોઈ મંજૂરી વગર મિલકત ટ્રાન્સફર કરશે તો તે સોદો અમાન્ય ગણાશે અને જવાબદારોને ૩ થી ૫ વર્ષની સજા તેમજ મિલકતની જંત્રી કિંમતના ૨૫ ટકા સુધીનો દંડ થઈ શકે છે. ખોટા દસ્તાવેજો રજૂ કરનાર સામે ફોજદારી ગુનો નોંધવાની પણ જોગવાઈ છે. આ સુધારાનો મુખ્ય હેતુ અસામાજિક તત્વો દ્વારા થતા ગેરકાયદે કબજા રોકવાનો અને અનિચ્છનીય સ્થળાંતર અટકાવવાનો છે.

# બરવાળા પંથકમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ સાથે આગ ફાટી નિકળતા એકનું મોત, ત્રણ ગંભીર

બોટાદ, તા.૨૧

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં એક હૃદયદ્રાવક દુર્ઘટના સર્જાઈ છે. બેલા અને ટીંબલા ગામ વચ્ચે આવેલી એક ફટાકડાની ફેક્ટરીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી ભયાનક હતી કે જોરદાર ધડાકા સાથે બ્લાસ્ટ થતા આસપાસના વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ કરૂણ દુર્ઘટનામાં એક શ્રમિકનું



ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ લોકો ગંભીર રીતે દાઝી જતાં તેમની હાલત નાજુક જણાવાઈ રહી છે. પ્રાથમિક માહિતી મુજબ, ફેક્ટરીમાં કામકાજ દરમિયાન ફટાકડાના જથ્થામાં અચાનક આગ લાગતા તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ધડાકાઓને કારણે ફેક્ટરીના શેડ અને મશીનરીને ભારે નુકસાન થયું છે. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમોએ સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પોલીસ હાલમાં ફેક્ટરીના પરવાના અને આગ લાગવાના ચોક્કસ કારણો અંગે ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે.

# મેઘરજમાં ભત્રીજાએ પવિત્ર સંબંધ લજવ્યો, સગી કાકી પર ગુજાર્યું દુષ્કર્મ

અરવલ્લી, તા.૨૧

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં પારિવારિક સંબંધોને કલંકિત કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. સગા ભત્રીજા સંજય ડામોરે પોતાની કાકી પર દુષ્કર્મ આચરતા સમગ્ર પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિગત મુજબ, પીડિતા ખેતરમાં એકલી હતી ત્યારે આરોપીએ એકલતાનો લાભ લઈ બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. એટલું જ નહીં, આરોપીએ આ અંગે કોઈને વાત કરવા પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જોકે, પીડિતાએ હિંમત બતાવી સમગ્ર હકીકત પોતાના પતિને જણાવતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. મેઘરજ પોલીસે ફરિયાદના આધારે ગણતરીના કલાકોમાં જ નરાધમ સંજય ડામોરની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાએ મહિલાઓની સુરક્ષા અને પારિવારિક વિશ્વાસ પર ગંભીર પ્રશ્નાર્થો ઉભા કર્યા છે.

# અમદાવાદમાં એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં લિકર પરમિટ ફીનું કૌભાંડ!

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં નશાબંધીના કડક અમલ વચ્ચે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં હેલ્થ લિકર પરમિટના નામે મોટું કૌભાંડ સપાટી પર આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્વાસ્થ્યના કારણોસર અપાતી લિકર પરમિટ પેટે વસૂલવામાં આવેલી લાખો રૂપિયાની ફી સિવિલ હોસ્પિટલની તિજોરીમાં જમા કરાવવાને બદલે



કેટલાક અધિકારીઓએ અંગત રીતે હડપ કરી લીધી છે. પરમિટ ધારકોને ફીની પહોંચ તો આપવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલના સરકારી રેકોર્ડમાં આ રકમ ક્યાંય નોંધાઈ નહોતી. આ કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે ફી જમા ન થઈ હોવાથી તંત્ર દ્વારા પરમિટ ધારકોને ફોન કરવામાં આવ્યા. આ વાતચીત દરમિયાન ખુલાસો થયો કે ધારકોએ નાણાં ચૂકવી દીધા હોવા છતાં તે તિજોરી સુધી પહોંચ્યા જ નથી. છેલ્લા બે વર્ષમાં લિકર પરમિટની અરજીઓમાં ૩૦૦%નો ઉછાળો આવ્યો છે, જેનાથી કરોડોની આવક થાય છે. જો આ મામલે ઊંડી તપાસ થાય તો હોસ્પિટલના ઉચ્ચ સત્તાધીશો અને અન્ય મોટા માથાઓની સંડોવણી બહાર આવવાની શક્યતા છે.

# ગાંધીનગરમાં સરકારી નોકરીની તૈયારીના બહાને ભાડે રહી ચરસ વેચતો થરાદનો યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) બાતમીના આધારે સેક્ટર-૪ ના એક ફ્લેટમાં દરોડો પાડીને ૧.૫૫ કિલોગ્રામ ચરસ સાથે લૈલેશ ચૌધરી નામના ૨૦ વર્ષીય યુવકની ધરપકડ કરી છે. આરોપી પાસેથી કુલ રૂ. ૩.૯૪ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે મૂળ થરાદનો આ યુવક છેલ્લા ૭ મહિનાથી સરકારી નોકરીની તૈયારી કરવાના બહાને ગાંધીનગરમાં ભાડે રહેતો હતો, પરંતુ છૂપી રીતે નશીલા પદાર્થોના વેપારમાં સંડોવાયો હતો. આરોપી સીધો ગ્રાહકોને બદલે લારી-ગલ્લાઓ મારફતે ચરસની નાની પડીકીઓ સપ્લાય કરતો હતો. આ જથ્થો પૂરો પાડનાર થરાદનો ભૂરાભાઈ નામનો શખ્સ હાલ ફરાર છે. પોલીસે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ એસઓજી (SOG) ક્રાઈમને સોંપી છે.

# સુરતમાં પ્રેમી સાથેના ઝઘડામાં દિકરીનું મોત થતા આઘાતમાં માતાને બ્રેઈન હેમરેજ

સુરત, તા.૨૧

સુરતના અમરોલી વિસ્તારમાં પ્રેમસંબંધના વિવાદમાં એક પરિવારે જુવાનજોધ દીકરી ગુમાવી છે, જ્યારે માતા હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે. વિગત મુજબ, પ્રેમી પંખીડા વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલી બાદ પ્રેમીએ આવેશમાં આવી પ્રેમિકાની નજર સામે ફિનાઈલ પી લીધું હતું. પ્રેમીના આ પગલાથી ગભરાયેલી પ્રેમિકાએ માનસિક સંતુલન ગુમાવ્યું અને ડરના માર્યા કોઝવેમાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. બીજા દિવસે યુવતીનો મૃતદેહ મળી આવતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. દીકરીના મોતના સમાચાર સાંભળતા જ માતા આ આઘાત જીરવી શકી નહોતી અને તેમને સ્થળ પર જ બ્રેઈન હેમરેજ થઈ ગયું હતું.






# રાજ્ય શિક્ષણ બોર્ડનું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં આવે તેવી શક્યતા

અમદાવાદ, તા.૨૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ હવે પરિણામ વહેલું જાહેર કરવા માટેની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. આ વર્ષે બોર્ડનું પરિણામ મે મહિનાના છેલ્લા સપ્તાહમાં જાહેર થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. આ લક્ષ્યાંકને પહોંચી વળવા માટે રાજ્યભરના



૪૫૪ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર પેપર ચકાસણીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ કામગીરીમાં રાજ્યભરમાંથી અંદાજે ૭૫ હજારથી વધુ અનુભવી શિક્ષકો જોડાયા છે. માત્ર અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જ ૪૫ જેટલા કેન્દ્રો પર ૪૦૦૦થી વધુ સ્ટાફ દ્વારા પોલીસ સુરક્ષા હેઠળ ઉત્તરવહીઓ તપાસવામાં આવી રહી છે. સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી ચાલતી આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ડેટા એન્ટ્રી અને વિષયવાર પરિણામ તૈયાર કરવાની કામગીરી હાથ ધરાશે. પરીક્ષા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ હવે વહેલા પરિણામની આશાએ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

# ગાંધીનગર ઈન્ચાર્જ આસી. મ્યુનિસિપલ કમિશનર રૂ. ૧ લાખની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહા નગરપાલિકામાં ACBનો સપાટો જોવા મળ્યો છે. ACBએ ઈન્ચાર્જ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરને ૧ લાખની લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યો છે. ભ્રષ્ટાચાર પર ACBના પ્રહારને પગલે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસની પ્રાથમિક માહિતી અનુસાર, ગાંધીનગર



મહા નગરપાલિકાના ઈન્ચાર્જ આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર ઉપેન્દ્રકુમાર ક્રાંતિલાલ સુતરીયાએ વાહનોના ઓર્થોરાઈઝ ડીલર પાસે ૧ લાખની લાંચની માંગણી કરતાં ફરિયાદીએ ACBને જાણ કરી હતી. આ પછી ACBએ છટકુ ગોઠવીને આરોપી ઉપેન્દ્રને ગાંધીનગરની ઓફિસમાંથી લાંચ સ્વીકારતા ઝડપી પાડ્યો હતો. ઘટના એમ છે કે, ફરિયાદી વાહનોના ઓર્થોરાઈઝ ડીલર પાસેથી વાહનોના ખરીદ વેચાણ કરવાનો ધંધો કરે છે. ફરિયાદીએ એક ગ્રાહકને વાહન વેચ્યું હતું, જેમાં મહાનગરપાલિકામાં વાહનના ટેક્સ ભરવા બાબતે વિસંગતતા ઊભી થઈ હતી. સમગ્ર મામલે આરોપી ઉપેન્દ્રએ ટેક્સ ભરવાની બાબતે ફરિયાદ ન કરવા અને એજન્સીનું લાયસન્સ રદ ન કરવા માટે ફરિયાદી પાસે રૂ.૧ લાખની લાંચની માંગણી કરી હતી. સમગ્ર મામલે ફરિયાદીએ ગાંધીનગર ACBનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ACBએ લાંચના છટકાનું આયોજન કરીને આરોપીને રંગે હાથે પકડી પાડે છે.

# હિંમતનગરમાં બોગસ આધાર કાર્ડ અને સરકારી સર્ટીફીકેટ બનાવતું કૌભાંડ ઝડપાયું

હિંમતનગર, તા.૨૧

હિંમતનગર જનસેવા કેન્દ્રમાં ચાલતા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. કેન્દ્રના ઓપરેટર ચંદ્રકેતુ પ્રજાપતિ અને ખાનગી સેન્ટર ચલાવતા કિશોર પ્રજાપતિએ મળીને આધાર કાર્ડ, જન્મ-મરણના દાખલા અને લિવિંગ સર્ટીફીકેટ જેવા સરકારી દસ્તાવેજો અને સર્ટીફીકેટ બનાવવાનું નેટવર્ક ચલાવતા હતા. આરોપીઓ મામલતદાર અને નગરપાલિકાના નકલી સિક્કાનો પણ ઉપયોગ કરતા હોવાનું ખુલ્યું છે.

# સુરત એરપોર્ટ પર બેંગકોકની ફ્લાઈટની સીટ નીચે સંતાડેલો રૂ. ૧.૯૦ કરોડનો ગાંજો ઝડપાયો

સુરત, તા.૨૧

સુરત એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટે બેંગકોકથી આવેલી ફ્લાઈટની સીટ નીચે છુપાવેલો ૧.૯૭ કિલો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત રૂ.૧.૯૦ કરોડ અંકાય છે. કસ્ટમ વિભાગે ઉત્તર પ્રદેશ અને દિલ્હીના ત્રણ શખ્સોની ધરપકડ કરી છે.